RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 369 Dt. 14-07-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

# 'હોર્મુઝ'ની કમાન ટ્રમ્પના હવાલે

## ટ્રમ્પનું દુનિયા માટે મોટું એલાનઃ અમેરિકા પોતાના હસ્તક લેશે હોર્મુઝ : સુરક્ષાના બદલામાં વસૂલશે મસમોટી રકમ



**વૈશ્વિક વેપારના સૌથી મહત્વના દરિયાઈ માર્ગ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' પર અમેરિકા સીધું નિયંત્રણ મેળવશે : ઈરાનને સીધી ધમકીઃ ડીલ તોડવા બદલ હવે અમેરિકા જોરદાર પ્રહાર કરવાની તૈયારીમાં**

નવી દિલ્હી, તા.૧૩

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને વૈશ્વિક વેપારને હચમચાવી મૂકે તેવી એક અત્યંત મોટી અને ચોંકાવનારી જાહેરાત કરી છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, યુનાઈટેડ સ્ટેટ્સ (અ.જ.) આગામી સમયમાં વિશ્વના સૌથી વ્યસ્ત અને ક્રૂડ ઓઈલની હેરફેર માટે અત્યંત મહત્વપૂર્ણ એવા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (Strait of Hormuz) નું સંપૂર્ણ નિયંત્રણ પોતાના હાથમાં લઈ શકે છે. આ એલાને મધ્ય પૂર્વ સહિત સમગ્ર વિશ્વના દેશોની ચિંતા વધારી દીધી છે. ટ્રમ્પે મીડિયા સમક્ષ અત્યંત આક્રમક અને વ્યાપારી વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે અમેરિકા હવે દુનિયાની સુરક્ષા માટે મફતમાં કામ નહીં કરે. આ દરિયાઈ માર્ગની સુરક્ષા કરવા બદલ અમેરિકા વિશ્વના અન્ય દેશો પાસેથી વળતર એટલે કે, મોટી રકમની અપેક્ષા રાખે છે.

તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ''અમે આ માર્ગની રક્ષા કરવા જઈ રહ્યા છીએ, પરંતુ આ સુરક્ષા પૂરી પાડવા બદલ અમને મોટી રકમ ચૂકવવામાં આવશે. આપણા સૈનિકો અને લોકોને પારકા દેશોના વેપાર માટે જોખમમાં મૂકવા બદલ અમે ચોક્કસપણે પૂરતું વળતર ઈચ્છીએ છીએ!''

આ વિસ્તારમાં ઈરાન સાથેના લાંબા સમયના તણાવ અને અગાઉના તૂટેલા કરારો પર નિશાન સાધતા ટ્રમ્પે અત્યંત કડક શબ્દોમાં ધમકી આપી હતી. તેમણે ઉમેર્યું કે, ''આપણી વચ્ચે ભૂતકાળમાં એક ડીલ થઈ હતી, પરંતુ તેઓ (ઈરાન) હંમેશા તેને તોડી નાખે છે. હવે સમય આવી ગયો છે કે અમે તેમના પર ખૂબ જ જોરદાર અને આકરો પ્રહાર કરીશું. અમે કદાચ પોતે જ આ 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ચલાવીશું અને તેનું સંપૂર્ણ સંચાલન અમારા જ હાથમાં રાખીશું.'' પોતાના આ નિર્ણયને વ્યાજબી ઠેરવતા ડોનાલ્ડ ટ્રમ્પે વધુમાં જણાવ્યું કે, અમેરિકા આ અશાંત વિસ્તાર માટે એક 'ગાર્ડિયન એન્જલ' (રક્ષક દેવદૂત) ની ભૂમિકા ભજવશે. વિશ્વભરના દેશોના વેપારી જહાજોને ચાંચિયાઓ અને અન્ય દેશોના હુમલાઓથી બચાવીને સુરક્ષિત માર્ગ પૂરો પાડવો એ નાનું કામ નથી. આ વૈશ્વિક સેવા બદલ અમેરિકાને તેનું પૂરું અને યોગ્ય વળતર મળવું જ જોઈએ, તેવો તેમનો દાવો છે.

### મધ્ય પૂર્વમાં તણાવ વધવાની ભીતિ

ડોનાલ્ડ ટ્રમ્પની આ મહત્વાકાંક્ષી અને આક્રમક જાહેરાત બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ખળભળાટ મચી ગયો છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એવો દરિયાઈ માર્ગ છે જ્યાંથી દુનિયાના કુલ તેલ વેપારનો મોટો હિસ્સો પસાર થાય છે. જો અમેરિકા ખરેખર તેનું સંચાલન પોતાના હાથમાં લેશે અને ટેક્સ કે ફી વસૂલવાનું શરૂ કરશે, તો મધ્ય પૂર્વ (Middle East) માં ભૌગોલિક–રાજકીય (Geo-political) તણાવ વધુ ઉગ્ર બનશે. આની સીધી અસર વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવો અને આંતરરાષ્ટ્રીય અર્થતંત્ર પર પડી શકે છે.

# નાગાલેન્ડમાં IED બ્લાસ્ટમાં ૧ જવાન શહીદ, ૪ ઘાયલ

## નાગાલેન્ડના સુખોવી નજીક આસામ રાઈફલ્સની ગાડીને નિશાન બનાવાઈ

નવી દિલ્હી, તા.૧૩

નાગાલેન્ડના ચુમૌકેદિમા વિસ્તારમાં સુખોવી ક્ષેત્ર પાસે આસામ રાઈફલ્સના એક વાહનને નિશાન બનાવીને શંકાસ્પદ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) વિસ્ફોટ કરવામાં આવ્યો છે. આ કાયરતાપૂર્ણ હુમલામાં દેશના ૧ જવાન શહીદ થયા છે, જ્યારે અન્ય ૪ જવાનો ઘાયલ થયા હોવાના દુઃખદ અહેવાલ પ્રાપ્ત થયા છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પ્રશાસન અને સેના હરકતમાં આવી ગયા હતા. શરૂઆતી માહિતી મુજબ, ઘાયલ જવાનોને તાત્કાલિક નજીકની સૈન્ય હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ હુમલા પાછળ કયા ઉગ્રવાદી સંગઠનનો હાથ છે, તેની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ શકી નથી. એજન્સીઓ દ્વારા આ મામલે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

વિસ્ફોટની ઘટના બાદ સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી દીધી છે. શંકાસ્પદ હુમલાખોરોને પકડવા માટે સુખોવી અને તેની આસપાસના જંગલોમાં સુરક્ષા દળો દ્વારા સંયુક્ત રીતે મોટા પાયે સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતા સમગ્ર વિસ્તારમાં હાઈ એલર્ટ જાહેર કરીને સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દેવામાં આવી છે.



નાગાલેન્ડમાં સુરક્ષા દળો માટે આ ચિંતાનો વિષય છે કારણ કે, માત્ર એક જ અઠવાડિયાની અંદર આ બીજી એવી ઘટના છે જ્યારે આસામ રાઈફલ્સના કાફલા પાસે IED વિસ્ફોટ થયો હોય. ઉલ્લેખનીય છે કે, સુખોવી એ મુખ્યત્વે નાગાલેન્ડના દીમાપુર જિલ્લામાં આવેલો એક મહત્વનો વિસ્તાર અને રેલ્વે સ્ટેશન છે, જેથી અહીં સુરક્ષા વ્યવસ્થા વધુ કડક કરવામાં આવી છે.

# ટ્રમ્પ, નેતન્યાહુ, મેક્રોન, મેલોની સહિત ૧૩ મોતના હીટ લીસ્ટમાં : વૈશ્વિક ખળભળાટ

**ઈરાની અખબારે છાપ્યું હિટ લિસ્ટ, દુનિયાભરમાં તણાવનો માહોલ**

નવી દિલ્હી, તા.૧૩

અમેરિકા-ઈરાન તણાવ વચ્ચે ઈરાની અખબારોએ પશ્ચિમી દેશોને ધમકી આપી છે. ઈરાનના અગ્રણી અખબારોએ ટ્રમ્પ, નેતન્યાહૂ સહિત ૧૩ શક્તિશાળી નેતાઓની ''હિટ-લિસ્ટ'' જાહેર કર્યું, ૨૦૨૬ સુધીમાં અચાનક મોત માટે તૈયાર રહેવા ચેતવણી આપી છે. 'હમશહરી' એ ફ્રન્ટ પેજ પર નેતાઓના ફોટા સાથે ''અચાનક મોત માટે તૈયાર રહો'' શીર્ષક આપ્યું. નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ બદલો લેવાની કસમ લીધી.

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા ભીષણ તણાવ વચ્ચે અમેરિકી સેનેટર લિન્ડસે ગ્રાહમના અચાનક થયેલા અવસાન બાદ ઈરાનના સરકારી અને મુખ્ય અખબારોએ અમેરિકા અને તેના સહયોગી દેશો વિરૂદ્ધ ઝેર ઓકવાનું શરૂ કર્યું છે. ઈરાની મીડિયાએ સેનેટર ગ્રાહમના મોતને અમેરિકા માટે એક કુદરતી સંદેશ ગણાવીને પશ્ચિમી દેશોને ધમકી આપી છે. ઈરાનના અગ્રણી અખબારોએ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સહિત વિશ્વના ૧૩ શક્તિશાળી નેતાઓનું એક હિટ-લિસ્ટ જાહેર કર્યું છે અને તેમને અચાનક મોતના આંચકા માટે તૈયાર રહેવા ચેતવણી આપી છે.

ઈરાનના પ્રભાવશાળી અખબાર 'હમશહરી' એ પોતાના ફ્રન્ટ પેજ પર એક મોટું ગ્રાફિક છાપ્યું છે. જેમાં અમેરિકા, ઈઝરાયલ અને યુરોપના ટોચના રાજકીય અને લશ્કરી નેતાઓની તસવીરો મૂકીને હેડલાઈન આપી છે - ''અચાનક મોત માટે તૈયાર રહો.'' અખબારે આ તમામ ૧૩ નેતાઓને ઈરાનના પૂર્વ સુપ્રિમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈની હત્યા માટે જવાબદાર ઠેરવ્યા છે.

આ હિટ-લિસ્ટમાં ડોનાલ્ડ ટ્રમ્પ, બેન્જામિન નેતન્યાહૂ ઉપરાંત અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો, સંરક્ષણ મંત્રી પીટ હેગસેથ, સેન્ટકોમ કમાન્ડર બ્રેડ કૂપર અને ઈઝરાયલમાં અમેરિકી રાજદૂત માઈક હકાબીનો સમાવેશ થાય છે. એટલું જ નહીં, ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાત્ઝ, વિદેશ મંત્રી ગિદોન સાર અને IDF ચીફ ઓફ સ્ટાફ ઈયાલ જમીરને જેલના કપડામાં બતાવવામાં આવ્યા છે. આ યાદીમાં યુરોપના નેતાઓ જેવા કે ઈટાલીના વડાપ્રધાન મેલોની, બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મર, ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝને પણ નિશાન બનાવાયા છે.



ઈરાનના અન્ય એક અગ્રણી અખબાર 'વતન-એ-ઈમરોઝ' એ સેનેટર લિન્ડસે ગ્રાહમના ફોટો સાથે ફારસી ભાષામાં મોટી હેડલાઈન છાપી છે - ''મોતના સૌદાગરનું મોત.'' અખબારે ગ્રાહમને ઈરાન વિરુદ્ધ અમેરિકી પ્રતિબંધો અને આક્રમક નીતિઓના મુખ્ય સમર્થક ગણાવ્યા છે. અહેવાલ મુજબ સેનેટર ગ્રાહમનું મોત અચાનક કોઈ બીમારીના કારણે થયું છે. આ સિવાય અન્ય એક અખબાર 'કયહાન' એ પણ દાવો કર્યો છે કે ઈરાને પોતાના લક્ષ્યો પ્રાપ્ત કરી લીધા છે અને હવે યુદ્ધનો નવો તબક્કો શરૂ થઈ ચૂક્યો છે.

# શિક્ષકો બાળકોને અપમાનિત ન કરી શકે : સુપ્રીમ

## સમય બદલાઈ ગયો છેઃ વિદ્યાર્થીની આત્મહત્યાના કેસમાં તભની આકરી ટકોર શૈક્ષણિક જગત માટે એક ચેતવણી સમાન સુનાવણી

નવી દિલ્હી, તા.૧૩

દેશની સર્વોચ્ચ અદાલતમાં તાજેતરમાં એક અત્યંત હૃદયદ્રાવક અને શૈક્ષણિક જગત માટે આંખ ઉઘાડનારા કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. એક વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલી આત્મહત્યાના કેસમાં તેના પ્રોફેસર દ્વારા રાહત માંગતી અરજી પર સુનાવણી ચાલી રહી હતી. આ દરમિયાન સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો અને બચાવ પક્ષના વકીલ વચ્ચે અત્યંત નાટકીય અને તાર્કિક ચર્ચા જોવા મળી હતી. કોર્ટે આ સુનાવણી મારફતે સમગ્ર શિક્ષણ જગતને એક સ્પષ્ટ અને કડક સંદેશ આપ્યો છે કે વિદ્યાર્થીઓ સાથેનું કોઈપણ પ્રકારનું અપમાનજનક વર્તન હવે સાંખી લેવામાં આવશે નહીં.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે શિક્ષકોના વર્તન અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં નોંધ્યું છે કે, જ્યારે કોઈ વિદ્યાર્થીને તેના સહપાઠીઓ (સાથે ભણતા મિત્રો) વચ્ચે ઊભો રાખીને અપમાનિત કરવામાં આવે છે, ત્યારે તેના માનસપટલ પર અત્યંત ઊંડી અને નકારાત્મક અસર પડે છે. યુવાવસ્થામાં વિદ્યાર્થીઓ પોતાના આત્મસન્માન પ્રત્યે ખૂબ જ સંવેદનશીલ હોય છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે, શિક્ષકો ક્યારેય આવું વર્તન ન કરી શકે અને આ અંગેનો એક કડક અને સ્પષ્ટ સંદેશ સમાજ તેમજ તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં જવો જોઈએ જેથી ભવિષ્યમાં આવી દુઃખદ ઘટનાઓ નિવારી શકાય.

કોર્ટમાં પ્રોફેસરનો બચાવ કરતા વરિષ્ઠ વકીલ ડી.એસ. નાયડુએ સમગ્ર કેસને એક નવો જ એંગલ આપ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે વર્ગખંડમાં કથિત રીતે કરવામાં આવેલું અપમાન વિદ્યાર્થીના મૃત્યુના એક મહિના પહેલાં થયું હતું. સમયના આ લાંબા અંતરને જોતાં, એ એક મહિના જૂની ઘટનાને આત્મહત્યાનું તાત્કાલિક કે સીધું કારણ (Proximate Cause) માની શકાય નહીં.

વકીલ નાયડુએ કોર્ટનું ધ્યાન દોરતા એક અત્યંત ચોંકાવનારી હકીકત રજૂ કરી હતી. તેમણે જણાવ્યું કે, વિદ્યાર્થીએ અંતિમ અને ઘાતક પગલું ભર્યું તેના બરાબર એક કલાક પહેલાં જ એક ગંભીર ઘટના બની હતી. વિદ્યાર્થીએ કોઈ અજાણી મોબાઈલ એપ્લિકેશન (આા) પરથી લોન લીધી હતી અને સૌથી મોટી ભૂલ એ કરી



હતી કે તેમાં પ્રોફેસરની કોઈપણ પ્રકારની પરવાનગી વગર તેમનું નામ 'ગેરંટર' (જામીનદાર) તરીકે વાપર્યું હતું. આ કારણે લોન રિકવરી એજન્ટો વિદ્યાર્થીને સતત ફોન કરીને ધમકાવી રહ્યા હતા અને માનસિક ત્રાસ આપી રહ્યા હતા. વકીલના મતે, આ સતત વધતા દબાણ અને પજવણીને કારણે જ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હોવાની પ્રબળ શક્યતા છે.

બચાવ પક્ષના વકીલે શિક્ષકોની મનોવ્યથા રજૂ કરતા વધુમાં ઉમેર્યું કે, શિક્ષકોનો મૂળ ઉદ્દેશ્ય હંમેશા વિદ્યાર્થીઓનું ભવિષ્ય સુધારવાનો હોય છે. ક્યારેક વિદ્યાર્થીના વ્યાપક હિતમાં અને શૈક્ષણિક સંસ્થામાં શિસ્ત જાળવવા માટે શિક્ષકોએ કડક વલણ અપનાવવું પડે છે. જો શિસ્ત જાળવવા માટે પ્રમાણિક પ્રયાસ કરતા શિક્ષકો પર આ રીતે સીધી ફોજદારી (Criminal) કાર્યવાહી થવા લાગશે, તો તેની સમગ્ર શિક્ષણ જગત પર ખૂબ જ 'ખરાબ અસર' (Chilling Effect) પડશે અને શિક્ષકો ભણાવતી વખતે ડર અનુભવશે.

સુપ્રીમ કોર્ટની આ ચર્ચા માત્ર એક કેસ પૂરતી સીમિત નથી, પરંતુ તે દેશની તમામ શાળાઓ અને કોલેજો માટે એક માર્ગદર્શિકા સમાન છે. કોર્ટે એ વાત પર મહોર લગાવી છે કે શૈક્ષણિક સંસ્થાઓમાં માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને તેમના આત્મસન્માનની રક્ષા થવી પણ એટલી જ અનિવાર્ય છે. શિસ્તના નામે કોઈની ગરિમાને ઠેસ પહોંચાડવાનો અધિકાર હવે કોઈને પણ નથી.

### ''હવે સમય બદલાઈ ગયો છે'': જસ્ટિસ સંદીપ મહેતાનો સચોટ જવાબ

વરિષ્ઠ વકીલની શિસ્ત અંગેની દલીલો સાંભળ્યા બાદ, જસ્ટિસ સંદીપ મહેતાએ આજના સમયની વાસ્તવિકતા વર્ણવતી એક અત્યંત ધારદાર અને ઐતિહાસિક ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું કે, ''હવે સમય બદલાઈ ગયો છે. કદાચ આપણા દિવસોમાં જ્યારે આપણે ભણતા હતા ત્યારે વિદ્યાર્થીઓને માર મારવો કે કડક સજા કરવી એ એક સામાન્ય અને સ્વીકૃત બાબત હતી પરંતુ હવે પરિસ્થિતિઓ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે.'' જસ્ટિસ મહેતાનો ઈશારો સ્પષ્ટ હતો કે આજના ડિજિટલ અને અત્યંત સ્પર્ધાત્મક યુગમાં બાળકો પહેલા કરતા વધુ માનસિક દબાણનો સામનો કરી રહ્યા છે. શારીરિક સજા કે જાહેરમાં કરવામાં આવતું શાબ્દિક અપમાન આજના વિદ્યાર્થીઓ સહન કરી શકતા નથી.

# સાંસદ માનસિંહજી પરમારનો યોજાયો સન્માન સમારોહ

## ક્ષત્રિય રાજપૂત સમાજ અને રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ (ગુજરાત) સહિતની વિવિધ સંસ્થાઓ દ્વારા સાંસદનું સન્માન કરાયું



રાજકોટ, તા.૧૩

રાજપૂત સમાજના પનોતા પુત્ર, સમાજનું ગૌરવ અને લોકનાયક માનસિંહજી પરમારની તાજેતરમાં રાજ્યસભાના સાંસદ તરીકે વરણી થવા બદલ રાજકોટ ખાતે એક ભવ્ય સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે સમસ્ત રાજપૂત સમાજ દ્વારા સાંસદ માનસિંહજી પરમારનું ઉષ્માભેર સ્વાગત કરી ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું, જે પ્રસંગે તેમણે ઉપસ્થિત મેદનીને સંબોધતા પ્રેરક અને માર્ગદર્શક ઉદ્બોધન કર્યું હતું.

આ ગૌરવપૂર્ણ કાર્યક્રમનું આયોજન ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ (રામનાથપરા, બેડીપરા અને પડધરી ૦૯ ગામ ગોળ - રાજકોટ), ક્ષત્રિય નાડોદા રાજપૂત સમાજ (રાજકોટ), ક્ષત્રિય ગુર્જર રાજપૂત સમાજ (રાજકોટ), રાજસ્થાન રાજપૂત સમાજ (રાજકોટ), અને રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ - ગુજરાત (સુપ્રિમ કાઉન્સિલ) તેમજ રાજપૂત સમાજની વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં રાજપૂત સમાજના અનેક સામાજિક આગેવાનો અને હોદ્દેદારોએ ખાસ હાજરી આપી હતી. જેમાં રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ (સુપ્રિમ કાઉન્સિલ), ગુજરાતના ટ્રસ્ટીઓ સર્વે ધીરુભા ડોડીયા, રમેશસિંહ ચાવડા (ઈગલ), ચંદુભા પરમાર, અને બલદેવસિંહ સિંધવ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ નાડોદા રાજપૂત સમાજના પ્રમુખ જીણાભા ચાવડા, પૂર્વ પ્રમુખ રમેશસિંહ એમ. ચાવડા, સમૂહ લગ્ન સમિતિના પ્રમુખ ચંદ્રસિંહ ડોડીયા અને પૂર્વ પ્રમુખ બકુલસિંહ સિંધવ, યુવા ઉદ્યોગપતિ તથા અગ્રણી મહેન્દ્રસિંહ ચાવડા, ગોંડલના અગ્રણી જયપ્રકાશસિંહ કટારીયા અને સરપંચ સુરુભા જાદવ (અણિયાળા) ઉપસ્થિત રહ્યા હતા.

કારડીયા રાજપૂત સમાજમાંથી પડધરીના અગ્રણી દેવાભા ડોડીયા અને મનુભા ડોડીયા, રામનાથપરાના અગ્રણી અજયસિંહ પરમાર અને પ્રમુખ ગોવિંદસિંહ પરમાર, બેડીપરાના અગ્રણી કિશોરસિંહ ડી. ચૌહાણ અને અરવિંદસિંહ પરમાર, રાજકોટના અગ્રણી રણજીતસિંહ દાહિમા, આણંદપરના અગ્રણી દેવાભા રાઠોડ, કન્યા છાત્રાલય નારણકાના પ્રમુખ કલુભા હેરમા તથા સમૂહ લગ્ન સમિતિના અગ્રણી જયેશસિંહ ડોડીયાએ હાજરી આપી હતી.

આ ઉપરાંત ગુર્જર રાજપૂત યુવક મંડળના પ્રમુખ ભરતસિંહ ચુડાસમા, અગ્રણી સંજયસિંહ વાઘેલા, રાજસ્થાન રાજપૂત સમાજના અગ્રણી જોગેન્દ્રસિંહ ચંપાવત અને રામસિંહજી શેખાવત, તેમજ વાગડ ક્ષત્રિય રાજપૂત સમાજના રામજીભા સોલંકી અને નશાજી દહિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં માર્ગદર્શનમાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ગિરનાર અભ્યારણ્ય વિસ્તારમાં યાત્રાળુઓની સુરક્ષા માટે નિયમો જાહેર કર્યા

# ગિરનાર પર યાત્રાળુઓની સુરક્ષા માટે બનાવાશે કાયમી ચેકપોસ્ટ



ગાંધીનગર, તા.૧૩

જુનાગઢ શહેરમાં આવેલા ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં ગિરનારની નવી સીડી માર્ગ પર અંદાજે ૫૦માં પગથિયા નજીક એક અત્યંત દુઃખદ ઘટના બની હતી. જેમાં ખેડા જિલ્લાના ૧૧ વર્ષીય મયુર ચૌહાણ ઉપર સિંહે હુમલો કર્યો હતો, જેમાં બાળકનું દુર્ભાગ્યે મૃત્યુ થયું છે. આ ઘટનાની ગંભીર નોંધ લઈ રાજ્ય સરકારનાં વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આજે એક મહત્વપૂર્ણ બેઠક યોજાઇ હતી. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા અને રાજ્ય મંત્રી પ્રવિણ માળીની ઉપસ્થિતિમાં વન વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ સાથે યોજાયેલી બેઠકમાં ગિરનાર વન્યજીવ અભયારણ્યમાં ભવિષ્યમાં આવી કોઇ ઘટના ન બને તે સંદર્ભે ગહન ચર્ચા કરી કેટલા મહત્વનાં નિર્ણયો લેવામાં આવ્યા હતા .

ગાંધીનગર ખાતે મીડિયાને વિગતો આપતા જણાવ્યું કે, તાજેતરમાં ગિરનાર વન્યજીવ અભયારણ્ય વિસ્તારમાં દુઃખદ ઘટના બની હતી. આવી ઘટનાઓ ભવિષ્યમાં ન બને એ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલનાં માર્ગદર્શનમાં વન વિભાગ દ્વારા કેટલાક પગલાઓ લેવાનું નક્કી કર્યું છે. ગિરનાર અભયારણ્ય વિસ્તારમાં વન્યજીવોની અવરજવર વધુ રહેતા સંવેદનશીલ સ્થળોએ કાયમી ચેક પોસ્ટનું નિર્માણ કરી સતત મોનિટરિંગ કરવામાં આવશે. આ ઉપરાંત, જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને તમામ સંબંધિત વહીવટી વિભાગો સાથે સંકલન કરી ગિરનાર વિસ્તારમાં યાત્રાળુઓની સુરક્ષા, વન્યજીવ વ્યવસ્થાપન, ઈમરજન્સી પ્રતિસાદ અને આંતરવિભાગીય સંકલન માટે એક સર્વગ્રાહી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર તૈયાર કરી તેનો અમલ કરવામાં આવશે,''.

ગિરનાર અને દાતાર સીડી માર્ગને 'સાયલન્સ ઝોન' જાહેર કરવામાં આવશે, જેથી વન્યજીવોને અનાવશ્યક ખલેલ ન પહોંચે અને માનવ-વન્યજીવ સંઘર્ષની શક્યતા ઘટે. વળી, સમગ્ર વિસ્તારમાં વન્યજીવોની હિલચાલ પર સતત નજર રાખવા માટે થર્મલ ડ્રોન સર્વેલન્સ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, ગિરનાર પર્વત પર યાત્રાઓની સુરક્ષા માટે વન વિભાગનાં ૨૫ ટ્રેકર કાયમી વોચ રાખશે ગિરનાર પર્વત પર આવતા યાત્રાળુઓની સુરક્ષા સંદર્ભે અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, યાત્રાળુઓ અને સ્થાનિક લોકો માટે વન્યજીવ વિસ્તારમાં કેવી રીતે વર્તવું તે અંગે વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે, જેમાં માર્ગદર્શન, સૂચનાઓ અને સુરક્ષા અંગે સતત જાગૃતિ ફેલાવવામાં આવશે. રાજ્ય સરકાર ગિરનાર વન્યજીવ અભયારણ્યમાં યાત્રાળુઓની સુરક્ષા અને વન્યજીવ સંરક્ષણ વચ્ચે સંતુલન જળવાઈ રહે તે માટે તમામ જરૂરી પગલાં લેવા પ્રતિબદ્ધ છે

# માધાપર ચોકડી પાસે ડમ્પરની હડફેટે બાઈક ચાલકનું મોત

**અકસ્માત સર્જી ડમ્પર ચાલક નાસી છૂટ્યો : લોકોમાં ડમ્પર ચાલક સામે ફિટકાર**

રાજકોટ, તા.૧૩

રાજકોટ શહેરમાં ભારે વાહનોની બેફામ ગતિ વધુ એક વાર જીવલેણ સાબિત થઈ છે. શહેરની અત્યંત વ્યસ્ત ગણાતી માધાપર ચોકડી પાસે આજે એક કાળજું કંપાવનારી ઘટના બની હતી. પૂરપાટ વેગે આવી રહેલા રેતી ભરેલા એક ડમ્પરે બાઈક ચાલકને પોતાની અડફેટે લીધો હતો. આ અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક ચાલક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માત થતાં જ રસ્તા પર લોકોના મોટા ટોળા એકઠા થઈ ગયા હતા અને થોડીવાર માટે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. બીજી બાજુ ડમ્પર ચાલક નાસી છૂટ્યો હતો.

આ ગોઝારો અકસ્માત નજરે જોનારા સ્થાનિકો અને રાહદારીઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ડમ્પર ચાલક જાણે 'માતેલા સાંઢ'ની જેમ પોતાના વાહનને બેફામ ગતિએ હંકારી રહ્યો હતો. તેવા સમયે બાઈક ચાલક રોડ ક્રોસ કરવા જતા તેમને હડફેટે લીધો હતો. ભારે વાહનોના ચાલકોની આવી ઘોર બેદરકારી અને ઓવરસ્પીડિંગ સામે લોકોએ ભારે ફિટકાર વરસાવ્યો હતો.

અકસ્માતની જાણ થતાં જ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને લોકોના ટોળાને વિખેરીને ટ્રાફિક પૂર્વવત કરાવ્યો હતો. ઘટનાસ્થળેથી વહેતી થયેલી બિનસત્તાવાર વિગતો અનુસાર, મૃતક યુવાનનું નામ ઉદય વાઘેલા હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલના પીએમ રૂમમાં ખસેડ્યો છે. હાલ પોલીસ દ્વારા મૃતક યુવાનની સત્તાવાર ઓળખ અને તેના પરિવારજનોનો સંપર્ક કરવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે.

આ કરુણ ઘટનામાં એક આશાસ્પદ યુવાને પોતાનો જીવ ગુમાવ્યો છે, ત્યારે હવે પોલીસ તપાસનો દોર શરૂ થયો છે.

ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધવાની તજવીજ હાથ ધરીને એ દિશામાં તપાસ શરૂ કરી છે કે આ જીવલેણ અકસ્માતમાં ખરેખર વાંક કોનો હતો? શું ડમ્પર ચાલકે ઓવરસ્પીડિંગમાં બાઈકને ટક્કર મારી કે પછી બાઈક ચાલકની કોઈ ચૂક હતી? આ સત્ય બહાર લાવવા માટે પોલીસ આસપાસના સીસીટીવી ફટેજ અને નજરે જોનારા સાક્ષીઓના નિવેદનો નોંધી રહી છે. આગામી સમયમાં તપાસ બાદ જ અકસ્માતનું સાચું કારણ સામે આવશે.

# દવા, ફોગિંગની કામગીરી સઘન બનાવવા આદેશ

## ચાંદીપુરા વાયરસના નિયંત્રણ માટે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં યોજાઈ સમીક્ષા બેઠક



ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કેસોને પગલે આરોગ્ય વિભાગ વધુમાં વધુ કાર્યક્ષમતા સાથે સતત કામગીરી કરી રહ્યું છે. ચાંદીપુરા વાયરસની હાલની સ્થિતિ અંગેની સમીક્ષા કરવા માટે આજે સચિવાલય ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મંત્રીએ રાજ્યમાં આ વાયરસના નિયંત્રણ, દર્દીઓની સારવાર અને સર્વેલન્સની કામગીરીને વધુ વેગવંતી બનાવવા માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

ચાંદીપુરા વાયરસના સચોટ નિદાન માટે લેબોરેટરી ટેસ્ટિંગની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. કુલ ૨૭ શંકાસ્પદ કેસોના નમૂનાઓમાંથી ૧૯ નમૂનાના પરિણામો પ્રાપ્ત થઈ ચૂક્યા છે. જેમાંથી ૭ પોઝિટિવ અને ૧૨ નેગેટિવ આવ્યા છે. જ્યારે બાકી રહેલા ૮ નમૂનાઓનું પરીક્ષણ પરિણામ આવવાનું બાકી છે, જે આજે સાંજ સુધીમાં આવી જશે.

ચાલુ વર્ષે ચાંદીપુરા વાયરસના કારણે કુલ ત્રણ પોઝિટિવ બાળકોના દુઃખદ મૃત્યુ થયા છે, જે અંગે મંત્રીએ બેઠકમાં દુઃખ વ્યક્ત કરીને હવે રાજ્યમાં એકપણ બાળકનું ચાંદીપુરા વાયરસના કારણે મૃત્યુ ન થાય તે અંગે સઘન કાળજી લેવા આરોગ્ય તંત્રને તાકીદ કરી હતી. આરોગ્ય વિભાગ દ્વારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન-ઈંખઅની મદદ લઈને રાજ્યના તમામ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટને ગાઈડલાઈન જાહેર કરી ગાંધીનગર મુખ્ય મથક સાથે સંકલનમાં રહેવા જણાવાયું છે. નાના સેન્ટરો અને ખાનગી ક્લિનિક ચલાવતા ડોક્ટરોને પણ સૂચના આપવામાં આવી છે કે, જો આવો કોઈ શંકાસ્પદ કેસ જણાય તો પ્રાથમિક સારવાર બાદ સમય બગાડ્યા વિના બાળકને ઓક્સિજન અને વેન્ટિલેટરની સુવિધા ધરાવતી મોટી હોસ્પિટલોમાં તુરંત જ દાખલ કરવામાં આવે, જેથી બાળકની કિંમતી જિંદગી બચાવી શકાય.

વર્ષ ૨૦૨૪માં રાજ્યના જે ૬૧ સ્થળો પરથી ચાંદીપુરા વાયરસના કેસ નોંધાયા હતા, તે તમામ સ્થળો પર આરોગ્ય વિભાગની ટીમો દ્વારા દવાનો છંટકાવ અને લોકજાગૃતિના કાર્યક્રમો યુદ્ધના ધોરણે પૂર્ણ કરી લેવામાં આવ્યા છે. જૂના આ ૬૧ સ્થળોમાંથી એક પણ જગ્યાએ નવો કેસ રિપીટ થયો નથી. જે નવા વિસ્તારોમાં દર્દીઓ મળી આવ્યા છે, ત્યાં પણ પ્રશાસન દ્વારા તુરંત જ ફોગિંગ, સેન્ડફ્લાય માખીના નાશ માટે સ્પ્રે અને સેનિટાઈઝેશનની કામગીરી કરવામાં આવી છે. વાયરસના ફેલાવાને રોકવા માટે રાજ્યના નાનામાં નાના આરોગ્ય કેન્દ્ર સુધી દવાનો પૂરતો જથ્થો અને જરૂરી તબીબી પુરવઠો ઉપલબ્ધ કરાવી દેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ચાંદીપુરા વાયરસની સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. નાગરિકોએ પણ સાવચેતી રાખવી અનિવાર્ય છે. જો કોઈ બાળકમાં તાવ, ઉલટી કે બેભાન થવા જેવા લક્ષણો દેખાય, તો તુરંત જ નજીકના સરકારી આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો. આ ઉપરાંત આરોગ્ય તંત્રને દવાઓ, ફોગિંગ અને સર્વેલન્સની કામગીરી વધુ સઘન બનાવવા આદેશ આપવામાં આવ્યા છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. આ બેઠકમાં આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ટોપનો, શહેરી આરોગ્ય કમિશનર ડો. સંધ્યા ભુલ્લર, ગ્રામ્ય આરોગ્ય કમિશનર ડો. રતનકંવર ગઢવી ચારણ, જાહેર આરોગ્ય અધિક નિયામક ડો. નિલમ પટેલ સહિત આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રાજકોટમાં ક્રાઇમ રેઈટ ઘટાડવો હોય તો ગુનેગારોને સીપી કચેરીના લીમડાનો સ્વાદ ચખાડવો જરૂરિ

# શાંતિ-સલામતિ સ્થાપવા ખાખીએ કઠોર થવાની જરૂર

રાજકોટ,તા.૧૩

રાજકોટને રંગીલું રાજકોટ કહેવામાં આવતું હતું પરંતુ છેલ્લા ઘણા સમયથી વધી રહેલા ક્રાઈમ રેઈટને લીધે આ બિરુદ છીનવાઈ ગયું હોય અને હવે રંગીલું રાજકોટ ગુનાખોરીનું રાજકોટ બની ગયું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે કારણ અનેક છે પરંતુ અમુક ફેરફાર કરવાથી છીનવાયેલું આ બિરુદ પરત મળી શકે તેમ છે દાખલ તરીકે સીપી કચેરીનો સુમસામ બનેલો એ લીમડો રાજકોટમાં જો ગુનાખોરીનું પ્રમાણ ઘટાડવું હોય તો ગુનેગારોને ફરી સીપી કચેરીના એ જ લીમડાની કડવાણી ચખાડવાની તાતી જરૂરિયાત હાલ ઉભી થઇ છે બીજી તરફ ગૃહમંત્રી અને હાલના ડેપ્યુટી સીએમ હર્ષ સંઘવીએ પણ જે તે સમયે કહ્યું હતું કે વરઘોડો તો નીકળશે જ તે પછી પોલીસે ગંભીર ગુનાઓમાં પકડાતા આરોપીઓના વરઘોડા કાઢી કાયદાનું ભાન કરાવવાનું શરુ પણ કર્યું હતું પરંતુ અચાનક તે પ્રક્રિયામાં બ્રેક લાગી જતા ફરી ગુનેગારો ગેલમાં આવી ગયા છે રાજકોટને શાંત અને સલામત શહેરનું બિરુદ અપાવવા માટે રાજકોટ પોલીસે કઠોર વલણ અપનાવવાની તાતી જરૂરિયાત ઉભી થઇ છે.

રાજકોટમાં હત્યા, લૂંટ, ચોરી, મારામારી જેવા બનાવો સામાન્ય બની ગયા છે તેની પાછળનું કારણ છે પોલીસની ઢીલી નીતિ એવું નથી કે પોલીસ કામ નથી કરતી પોલીસ કામ કરે જ છે પરંતુ અગાઉ જેમ ગુનેગારો કોઈ ગુનામાં પકડાતા તેની જે રીતે સરભરા થતી તે રીતે હવે પોલીસ સરભરા નહિ કરતી હોવાથી ગુનેગારો ફાટીને ધુમાડે ગયા હોય તેવું લાગી રહ્યું છે હાલ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કાબુ બહાર હોય તેને કાબુમા લેવા માટે પોલીસ કમિશ્નર કચેરીના એ પ્રખ્યાત લીમડાની સિસ્ટમ હાલની પોલીસે ચાલુ કરવાની તાતી જરૂરિયાત ઉભી થઇ છે જ્યાં સુધી યાદ છે ત્યાં સુધી છેલ્લે રાજકોટના પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોત હતા ત્યાં સુધી આ લીમડા સાથે ગુનેગારોને બાંધીને કાયદાનું ભાન કરાવવાની સિસ્ટમ ચાલુ હતી પરંતુ તે પછી જેટલા અધિકારીઓ આવ્યા તે પૈકી કોઈએ આ સિસ્ટમ ફરી ચાલુ ન કરી તેનું ગંભીર પરિણામ અત્યારનો ક્રાઇમ રેઈટ દર્શાવી રહ્યો છે ગંભીર ગુનાઓમાં પકડાતા આરોપીઓના સીપી કચેરીના એ જ લીમડાનું નામ પડતા જ પેન્ટ ભીના થઈ જતા હતા પરંતુ હવે આ સિસ્ટમ બંધ થઈ ગઈ હોવાથી ગુનેગારો બેલગામ બની ગયા છે પોલીસ સ્ટેશનમાં પોલીસ ગુનેગારોની સર્વિસ કરતી જ હશે પણ જાહેરમાં સર્વિસ કરવાથી ગુનેગારોના શરીર ઉપર તો ઠીક તેમની અંતર આત્મા ઉપર ઘા લાગતો હોવાથી તે બીજી વખત ગુનો કરતા જરૂરથી અચકાતા જેથી જ આ લીમડાની સિસ્ટમ ફરી શરુ કરવાની જરૂરિયાત ઉભી થઇ છે આ તરફ ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પણ વરઘોડો તો નીકળશે જ તેવી જાહેરાત કર્યા પછી ગુજરાતભરમાં પોલીસે આરોપીઓની જાહેરમાં સરભરા કરવાની પ્રણાલી શરુ કરી હતી પરંતુ અમરેલીમાં યુવતીનું રી કન્સ્ટ્રક્શનના નામે વરઘોડો કાઢવા જેવા અમુક અપવાદરૂપ કિસ્સાઓને લીધે પોલીસને નીચું જોવા જેવું થતા ફરી એ વરઘોડાની સિસ્ટમ પણ બંધ થઇ ગઈ છે.




**ગૃહમંત્રીએ કહ્યું હતું '' વરઘોડો તો નીકળશે જ '' પણ અચાનક લાગી ગઈ બ્રેક**

રાજકોટને શાંત અને સલામત શહેરનું બિરુદ ફરી અપાવવું હોય તો વર્તમાન પોલીસે ગુનેગારો સામે કઠોર થવાની જરૂર છે સીપી બ્રજેશ ઝાની રાહબરીમાં ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા જેવા બાહોશ અધિકારીઓ ગેંગ બનાવી ગુનાખોરી આચરતી ટોળકી સામે ગુજસીટોક જેવી કડક કાર્યવાહી કરી રહ્યા છે તે સરાહનીય છે જેથી આરોપીઓ લાંબા ગાળા સુધી જેલવાસ ભોગવતા હોય છે પરંતુ તેમ છતાં હત્યા જેવા ગંભીર ગુનાઓ બની રહ્યા છે જેના ઉપર અંકુશ મેળવવા માટે પોલીસે ખાખીનું રૌદ્ર સ્વરૂપ દેખાડવું જરૂરી બની ગયું છે.

### છેલ્લા થોડા સમયમાં બનેલા ફાયરિંગના ગંભીર બનાવો

મંગળા મેઈન રોડ ઉપર પેંડા ગેંગ અને મુરઘા ગેંગ વચ્ચે અંધાધૂંધ ફાયરિંગ, જામનગર રોડ ઉપર નાગેશ્વરમાં બે મિત્રો વચ્ચે પૈસાની લેતી દેતી મુદ્દે ફાયરિંગ, નાના મવા રોડ ઉપર ટપોરીઓને ટપારતા યુવક પર ફાયરિંગ કરી કરપીણ હત્યા

### પોલીસ ચોપડે ચડી ચૂકેલા ગુનેગારોની સમયાંતરે પ્રવૃત્તિ ચેક કરવી જોઈએ

રાજકોટમાં દિવાળી જેવો મોટો તહેવાર આવતો હોય અથવા તો ચૂંટણી આવતી હોય ત્યારે હિસ્ટ્રીશીટરોને ચેક કરવામાં આવતા હોય છે આ પ્રક્રિયા સમયાંતરે કરવી જોઈએ કારણકે પોલીસ ચોપડે ચડી ચૂકેલા ગુનેગારો હાલ શું પ્રવૃત્તિ કરી રહ્યા છે પોતાની આજીવિકાનું સાધન શું, તેના પરિવારના ભરણપોષણ માટે શું કામ કરી રહ્યા છે તે સહિતની તમામ પ્રવૃત્તિ ચેક કરવી જોઈએ.

# પાણીચોરી કરનારાઓ સામે મનપાની લાલઆંખ

## ૧૦ દિવસમાં ૨૦૦ ઈમારતોને નોટિસ, બે આસામીઓને ૧-૧ લાખનો દંડ

રાજકોટ, તા. ૧૩

શહેરમાં ઉનાળાની સિઝન દરમિયાન પાણીની ખેંચ ન વર્તાય અને દરેક નાગરિકને પૂરતું પાણી મળી રહે તે માટે તંત્ર દ્વારા પાણીચોરી કરનારા તત્વો સામે સઘન ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

ખાસ કરીને ન્યુ રાજકોટ (વેસ્ટ ઝોન) વિસ્તારમાંથી પાણી ન મળવાની અને લાઈનમાંથી બૂસ્ટર પંપ (મોટર) મૂકી પાણી ખેંચી લેવાની વ્યાપક ફરિયાદો ઉઠ્યા બાદ હરકતમાં આવેલા તંત્રએ છેલ્લા ૧૦ દિવસમાં જ ૨૦૦ જેટલી રહેણાંક અને વ્યાપારી ઈમારતોને કારણદર્શક નોટિસ ફટકારી છે.

આ ચેકિંગ દરમિયાન ગંભીર પ્રકારની પાણીચોરી પકડાતા બે મોટા આસામીઓને રૂ. ૧-૧ લાખનો ભારેભરખમ દંડ ફટકારવામાં આવ્યો છે.

ન્યુ રાજકોટના વિસ્તારોમાં લાઈનના છેડે આવેલા ઘરો સુધી પાણી પહોંચતું ન હોવાની ફરિયાદોનો ઢગલો થયો હતો. મનપાની વોટર વર્ક્સ શાખાના અધિકારીઓએ તપાસ કરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે.

કેટલાક તત્વો મનપાના મુખ્ય સપ્લાય વાલ્વની ડુપ્લીકેટ ચાવી બનાવીને પોતાના વિસ્તારનો વાલ્વ ગેરકાયદેસર રીતે ખુલ્લો રાખી દેતા હતા,

જેને કારણે અન્ય વિસ્તારોમાં પાણીનું પ્રેશર સાવ ઘટી જતું હતું. આ રેકેટમાં સંડોવાયેલા લોકો સામે પણ હવે પોલીસ ફરિયાદ સુધીની કડક કાર્યવાહીની તૈયારી ચાલી રહી છે.

જોકે વાલ્વ ખોલીને કરાતી ચોરી ગંભીર વાત છે બાકી વધુ પાણી ચોરી તો ઉનાળાના દિવસોમાં નાના મકાનોથી માંડી મોટી સોસાયટીમાં અને પોશ એરીયામાં પણ થતી હોવાનું અગાઉ બહાર આવેલું છે. હવે તંત્ર ત્રણે ઝોનના રીપોર્ટ શાસક પદાધિકારીઓને રજુ કરવાના છે.




### કઈ રીતે આચરાતી હતી પાણીચોરી?

મનપાના ઓફિશિયલ વાલ્વમેન સિવાય લાઈનના વાલ્વ કોઈ ઓપરેટ ન કરી શકે, છતાં ડુપ્લીકેટ ચાવીઓ બનાવી ગેરકાયદેસર રીતે વાલ્વ ફેરવી નાખવામાં આવતા હતા. સોસાયટીઓ અને એપાર્ટમેન્ટ્સમાં પાણીની મુખ્ય પાઈપલાઈનમાંથી જ શક્તિશાળી મોટર મૂકીને પાણી ખેંચી લેવાતું હતું. મનપાની મંજૂરી વગર ડાયરેક્ટ નળ કનેક્શન જોડીને હજારો લીટર પાણીનો વેડફાટ કરાતો હતો.

### મનપા કમિશનરની કડક ચેતવણી

''પાણી એ સરકારી મિલકત છે અને તેના પર દરેક નાગરિકનો સમાન અધિકાર છે. જો કોઈ આસામી કે સોસાયટી મોટર મૂકીને કે વાલ્વ સાથે છેડછાડ કરીને બીજાના ભાગનું પાણી ચોરી કરતા પકડાશે, તો માત્ર દંડ જ નહીં, પણ કનેક્શન કાયમી કાપી નાખી ફોજદારી (પોલીસ) ગુનો દાખલ કરવામાં આવશે.

રાજકોટના અનેક હાઈરાઈઝ બિલ્ડીંગમાંથી ભુતકાળમાં પણ પાણીચોરી પકડાયેલી છે. આમ છતાં આ પ્રવૃતિ બંધ થતી નથી અને હવે તો નવા રીંગ રોડ સુધી પહોંચી છે.

મનપાના ચેકીંગમાં અમુક જગ્યાએ નિયત ૨૦ મીનીટના બદલે ૩૦ થી ૫૦ મીનીટ પાણી ખેંચાતુ હોવાનું દેખાયું છે.

આથી અન્ય સીંગલ કનેકશનવાળા પરિવારોને પુરતું પાણી નહીં મળતું હોવાની ફરિયાદો ચાલુ રહી છે.

# ટુ-વ્હીલર - ખાનગી કારના ફિટનેસ સર્ટિફિકેટની કામગીરી પુનઃ શરૂ

## ૫૦ હજારથી વધુ અરજીઓનો હવે ફટાફટ નિકાલ થશે

રાજકોટ, તા. ૧૩

રાજ્યભરના લાખો ખાનગી વાહન ધારકો માટે આજે લાંબા સમય બાદ એક ખુશીના અને મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. છેલ્લા ત્રણ મહિનાથી ટુ-વ્હીલર અને ખાનગી ફોર-વ્હીલર (કાર) માટે બંધ કરી દેવાયેલી ફિટનેસ સર્ટિફિકેટની કામગીરી આજથી જ તમામ છ્ઝધ કચેરીઓમાં ફરી ધમધમતી કરી દેવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી વાહન માલિકોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગત ૮ મેથી રાજ્યભરમાં આ સેવાઓ અચાનક સ્થગિત કરી દેવામાં આવી હતી, જેના કારણે વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. હવે જ્યાં સુધી ઓટોમેટેડ ટેસ્ટિંગ સુવિધા સંપૂર્ણપણે કાર્યરત ન થાય, ત્યાં સુધી છ્ઝધ ખાતે જ ફિટનેસ તપાસની જૂની વ્યવસ્થાને યથાવત ચાલુ રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા ફિટનેસ સર્ટિફિકેટની ફીમાં મોટો વધારો ઝીંકાયો હતો. જેમાં ટુ-વ્હીલરની ફી રૂા. ૧,૦૦૦ થી વધારીને રૂા. ૨,૫૦૦ અને ફોર-વ્હીલરની ફી રૂા. ૫,૦૦૦ થી વધારીને રૂા. ૧૩,૫૦૦ કરવામાં આવી હતી. આ અચાનક થયેલા વધારા અંગે અગાઉ તંત્ર તરફથી કોઈ સ્પષ્ટતા ન હોવાથી અસમંજસ હતી, પરંતુ હવે તંત્રએ સત્તાવાર સ્પષ્ટતા કરી દેતા તમામ અટકળોનો અંત આવ્યો છે અને બંધ પડેલી કામગીરી શરૂ કરી દેવાઈ છે. આ અંગે રાજકોટ જિલ્લા છ્ઝધ અધિકારી ઈન્દ્રજીત ટાંકના જણાવ્યા અનુસાર, રાજકોટ છ્ઝધમાં આ કામગીરી પહેલેથી જ ચાલુ હતી અને હજુ પણ ચાલુ જ છે. રાજકોટમાં ફિટનેસ સર્ટિફિકેટને લઈને કોઈ પણ અરજી પેન્ડિંગ નથી.

લાંબા સમયથી ફિટનેસની કામગીરી બંધ હોવાને કારણે સમગ્ર રાજ્યમાં અંદાજે ૫૦,૦૦૦ થી વધુ અરજીઓ પેન્ડિંગ પડી છે. વાહન માલિકોની હાલાકીને ધ્યાનમાં રાખીને પરિવહન વિભાગે આ તમામ પેન્ડિંગ અરજીઓનો તાત્કાલિક અને યુદ્ધના ધોરણે નિકાલ કરવા માટે કડક સૂચના આપી દીધી છે. આ નિર્ણયથી ટ્રાન્સપોર્ટ



સેક્ટર અને સામાન્ય નાગરિકોને પડતી વહીવટી અડચણો દૂર થશે. સરકારે વાહન ધારકોને આર્થિક ફટકામાંથી બચાવવા માટે એક મોટો નિર્ણય લીધો છે. છ્ઝધ કામગીરી બંધ હોવાના કારણે જે વાહન માલિકો સમયસર પોતાના વાહનનું ફિટનેસ કરાવી શક્યા નહોતા, તેમને હવે કોઈપણ પ્રકારની લેટ ફી કે વધારાનો દંડ ભરવો પડશે નહીં. સરકાર દ્વારા લેટ ફીમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. સરકારનો આ અભિગમ વહીવટી પ્રક્રિયાને વધુ ઝડપી બનાવવા અને સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓ ઓછી કરવા માટેનો છે, જેથી લોકો હવે કોઈપણ પ્રકારની ચિંતા વગર વિના વિલંબે પોતાના વાહનોનું ફિટનેસ કરાવી શકશે.

હવે વિના વિલંબે પોતાની કામગીરી પૂર્ણ કરાવી શકશે. છ્ઝધ ખાતે ફિટનેસ સેવાઓ શરૂ કરવા સાથે જ સરકાર દ્વારા વાહન માલિકોને મોટી રાહત આપતા લેટ ફીમાંથી મુક્તિ આપવાની જાહેરાત કરવામાં આવી છે. કામગીરી બંધ હોવાના કારણે જે વાહન માલિકો સમયસર ફિટનેસ કરાવી શક્યા નહોતા, તેમને હવે કોઈપણ પ્રકારનો દંડ કે વધારાની ફી ભરવી પડશે નહીં. આ નિર્ણયથી વાહન ધારકોમાં આનંદની લાગણી જોવા મળી છે. સરકારનો આ નિર્ણય વહીવટી પ્રક્રિયાને ઝડપી બનાવવા અને સામાન્ય નાગરિકોની મુશ્કેલીઓને ઓછી કરવાના ઉદ્દેશ્યથી લેવામાં આવ્યો છે, જેથી લોકો કોઈપણ ચિંતા વગર પોતાના વાહનોનું ફિટનેસ કરાવી શકે.

# બદલી થઈને આવેલા ૬ નાયબ મામલતદારો ૩ મહિનાથી 'વેઈટિંગ'માં

## મહેસૂલ તંત્રમાં અંધેર નગરી જેવી સ્થિતિઃ ૭૦ તલાટીઓ પણ પોસ્ટિંગ વગર રઝળ્યા!

રાજકોટ, તા. ૧૩

રાજકોટ જિલ્લાના મહેસૂલી તંત્રમાં હાલ રામરાજ્ય જેવી સ્થિતિ સર્જાઈ હોય તેમ વહીવટી શિથિલતા અને ઉદાસીનતાના કારણે અનેક પ્રશ્નો ચર્ચાના ચગડોળે ચડ્યા છે. રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી સુધારાના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ રાજકોટ કલેક્ટર તંત્રની ઢીલી નીતિને કારણે બદલી થઈને આવેલા ઉચ્ચ કર્મચારીઓથી લઈને નવા નિમણૂક પામેલા કર્મચારીઓ સુધીના તમામ લોકો પોસ્ટિંગની રાહ જોઈને કચેરીઓમાં ધક્કા ખાઈ રહ્યા છે.સૌથી આશ્ચર્યજનક બાબત એ છે કે, જિલ્લાફેર બદલીથી રાજકોટ ખાતે મુકાયેલા છ જેટલા નાયબ મામલતદારોને ત્રણ માસનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી કોઈ ચોક્કસ જગ્યાએ પોસ્ટિંગ આપવામાં આવ્યું નથી, જેને પગલે સરકારી બાબુઓમાં ભારે ગણગણાટ શરૂ થયો છે.મળતી વિગતો મુજબ, ગત મે માસમાં રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા મોટા પાયે બદલીઓનો ઘાણવો કાઢવામાં આવ્યો હતો. આ બદલી અંતર્ગત અન્ય જિલ્લાઓમાંથી છ જેટલા નાયબ મામલતદારોની જિલ્લાફેર બદલી કરીને તેઓને રાજકોટ કલેક્ટર તંત્રના હવાલે મૂકવામાં આવ્યા હતા. નિયમ મુજબ આ કર્મચારીઓ હાજર થયા બાદ તુરંત જ તેઓને ખાલી જગ્યાઓ પર નિમણૂક આપી દેવાની હોય છે. પરંતુ રાજકોટ કલેક્ટર કચેરીના સત્તાધીશોની અકળ આળસને કારણે આજે ત્રણ-ત્રણ મહિના વીતી ગયા હોવા છતાં આ છ નાયબ મામલતદારો માત્ર હાજરી પૂરાવીને 'પ્રતિક્ષા' (વેઈટિંગ) કરી રહ્યા છે. ત્રણ મહિના સુધી કોઈ સક્ષમ અધિકારીને પોસ્ટિંગ આપ્યા વિના બેસાડી રાખવા પાછળ કયું રાજકારણ કે વહીવટી મજબૂરી કામ કરી રહી છે? માત્ર નાયબ મામલતદારો જ નહીં, રાજકોટ જિલ્લાને ફાળવવામાં આવેલા નવા ૭૦ જેટલા મહેસુલી તલાટીઓની સ્થિતિ પણ ત્રિશંકુ જેવી થઈ છે. આ ૭૦ જેટલા તલાટીઓને રાજકોટ જિલ્લામાં ફાળવવામાં આવ્યાને આજે ૧૫ દિવસથી વધુ સમય વીતી ગયો છે, પરિણામે, ગ્રામ્ય સ્તરે જ્યાં તલાટીઓની અછત છે ત્યાં કામગીરી ખોરંભે પડી છે અને આ નવા તલાટીઓ કલેક્ટર કચેરીના ચક્કર કાપી રહ્યા છે. એક તરફ કર્મચારીઓ હાજર હોવા છતાં તેમને કામ સોંપાતું નથી, તો બીજી તરફ જિલ્લાના મહેસુલી તંત્રમાં ગુજરાત વહીવટી સેવા (ત્રઞઅજ) વર્ગ-૧ની અનેક ચાવીરૂપ જગ્યાઓ લાંબા સમયથી ખાલી પડી છે. હાલમાં કલેક્ટર તંત્ર દ્વારા આ મહત્વની જગ્યાઓ પર કાયમી અધિકારીઓ ન હોવાથી 'ઈન્ચાર્જ' પદ્ધતિથી વહીવટનું ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે.

# ખાદ્ય પદાર્થોના તમામ નાના-મોટા વેપારીઓ માટે FOSTAC તાલીમ ફરજિયાત

## ફૂડ લાઈસન્સ ધરાવતા વેપારીઓએ પણ તાલીમ લેવી પડશે

રાજકોટ, તા. ૧૩

ગુજરાત રાજ્યમાં ખાદ્ય પદાર્થોના વ્યવસાય સાથે સંકળાયેલા તમામ વેપારીઓ માટે એક મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ભારત સરકારના ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ અધિનિયમ-૨૦૦૬ની જોગવાઈઓ તેમજ તમામ ખાદ્ય વ્યવસાયકારો માટે ત્રઉજીઅઈ (ત્રજ્ઞજ્ઞમ જફરયર્ું ઝફિશક્ષશક્ષલ ઈર્યિંશરશભફશિંજ્ઞક્ષ) તાલીમ અને પ્રમાણપત્ર મેળવવું ફરજિયાત કરવામાં આવ્યું છે. આ નિયમનો અમલ હવેથી સમગ્ર ગુજરાતમાં ખૂબ જ કડક રીતે કરવામાં આવશે.તાલીમ માટે નિયુક્ત કરાયેલા સહાયક કોઓર્ડિનેટર વેપારીઓના ધંધાના સ્થળે રૂબરૂ મુલાકાત લેશે અને જરૂરી વિગતો સાથેના અરજી ફોર્મ ભરાવી આપશે તેમજ સ્ટાફ દ્વારા જરૂરી સૂચનો આપવામાં આવશે. વેપારીઓએ સરકાર દ્વારા નક્કી કરાયેલ ફી ભર્યા બાદ તેની સત્તાવાર રસીદ અચૂક મેળવી લેવાની રહેશે. ગુજરાત રાજ્યમાં રાજકોટ જિલ્લાની આ કામગીરી માટે 'ભારતીય પ્રોદ્યોગિકી અને ઉદ્યમી વિકાસ સંસ્થા' દ્વારા જિલ્લા કોઓર્ડિનેટર તરીકે શ્રી લલિતકુમાર જે. મકવાણાની નિયુક્તિ કરાઈ છે, જેઓ તાલીમ પૂર્ણ કરનાર લાભાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ કરશે. તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ તમામ વેપારીઓને ત્રજીજીઅઈના નિયમોનુસાર સત્તાવાર સરકારી સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. કાયદાકીય મુશ્કેલીઓથી બચવા અને ગ્રાહકોનો વિશ્વાસ જીતવા માટે તમામ વેપારીઓને આ તાલીમમાં વહેલી તકે જોડાવા અપીલ કરવામાં આવી છે.

A COMPREHENSIVE GUIDE FOR FOOD BUSINESSES

FoSTaC

Food Safety Training & Certification

fssai committed to build a culture of self compliance

### કયા-કયા વેપારીઓએ આ તાલીમ લેવી પડશે?

આ કાયદાકીય જોગવાઈ હેઠળ ખાદ્ય પદાર્થોના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ, વિતરણ અને સેવા સાથે સંકળાયેલા તમામ નાના-મોટા વેપારીઓનો સમાવેશ થાય છે જેમાં હોટલ, રેસ્ટોરન્ટ, બેકરી, કેન્ટીન અને ભોજનાલય, ફાસ્ટફડ, ચા-નાસ્તાની લારીઓ, પાણીપુરી, દાબેલી અને જ્યૂસ સેન્ટરે, કરિયાણા સ્ટોર્સ, સુપરમાર્કેટ, મોલ અને કોલ્ડ ડ્રિંક્સ/પાનની દુકાનો, ડેરી અને ડેરી પ્રોડક્ટ્સ, બેવરેજીસ ઉત્પાદકો અને ખાદ્ય તેલના વેપારીઓ, નોનવેજ વ્યવસાય, પોલ્ટ્રી ફાર્મ, રિટેલર્સ, સપ્લાયર્સ અને પેકિંગ યુનિટ્સ , ગૃહઉદ્યોગ દ્વારા ખાદ્ય પદાર્થોનું ઉત્પાદન કે વેચાણ કરતા વ્યવસાયકારોનો સમાવેશ થશે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ઘોર બેદરકારી

## રેગ્યુલર વિદ્યાર્થીઓ સેમ-૩માં, જ્યારે એક્સટર્નલ હજુ સેમ-૧ની પરીક્ષાની રાહમાં!



રાજકોટ, તા. ૧૩

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી વહીવટી અંધાધૂંધી અને પરીક્ષા તંત્રની લાપરવાહી સામે હવે વિદ્યાર્થીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના વિદ્યાર્થીનેતા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે રાજ્યના શિક્ષણમંત્રી પ્રદ્યુમનભાઈ વાજાને એક વિસ્તૃત ઈમેઈલ મોકલીને યુનિવર્સિટીની કથળેલી વ્યવસ્થા અંગે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા અને વિદ્યાર્થીઓના હિતમાં કડક પગલાં લેવા ઉગ્ર રજૂઆત કરી છે.

રજૂઆતમાં જણાવ્યા અનુસાર, એક્સ્ટર્નલ કોર્ષના સ્નાતક (ઇ.અ.) તેમજ અનુસ્નાતક (ખ.અ.) સેમેસ્ટર-૧ ના વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી હોવાને આશરે એક વર્ષ જેટલો સમય વીતી ગયો છે, છતાં હજુ સુધી પરીક્ષાનું કોઈ ઠેકાણું નથી. સામાન્ય રીતે જે પરીક્ષા ૫ થી ૬ મહિનામાં યોજાઈ જવી જોઈએ, તે ૮ મહિના બાદ પણ ન લેવાતા હજારો વિદ્યાર્થીઓનું આખું શૈક્ષણિક વર્ષ બગડવાની અણી પર છે. આશ્ચર્યની વાત તો એ છે કે રેગ્યુલર વિદ્યાર્થીઓ અત્યારે સેમેસ્ટર-૩ ની પરીક્ષા આપવાની તૈયારી કરી રહ્યા છે, જ્યારે એક્સ્ટર્નલના વિદ્યાર્થીઓ હજુ સેમેસ્ટર-૧ ની પરીક્ષાની વાટ જોઈ રહ્યા છે!

યુનિવર્સિટીની લપેટાયેલી વ્યવસ્થાનો ચિતાર આપતા રોહિતસિંહે જણાવ્યું કે, રેગ્યુલર પરીક્ષાઓના ૭૦ થી વધુ અને રી-અસેસમેન્ટના મોટાભાગના પરિણામો મળીને અંદાજે ૧૦૦ જેટલા પરિણામો લાંબા સમયથી અટકેલા પડ્યા છે. પરિણામોમાં થતા આ અસહ્ય વિલંબને કારણે વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ, સરકારી ભરતીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓના ફોર્મ ભરવાથી વંચિત રહી જાય છે.

મૂલ્યાંકન પ્રક્રિયાની ગંભીર ખામીઓ પર પ્રહાર કરતા તેમણે ઉમેર્યું કે, છેલ્લા ૫ વર્ષથી યુનિવર્સિટીની એક વિચિત્ર બેદરકારી સામે આવી રહી છે. પરીક્ષામાં પૂરી હાજરી આપી હોવા છતાં રિઝલ્ટમાં વિદ્યાર્થીઓને 'અબતયક્ષર્ં' દર્શાવી દેવાય છે. પોતાની નિર્દોષતા અને હાજરી સાબિત કરવા માટે વિદ્યાર્થીઓએ કોલેજો અને પરીક્ષા કેન્દ્રોના ધક્કા ખાઈને પ્રમાણપત્રો લાવવા પડે છે. આ માનસિક ત્રાસનો આજદિન સુધી કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે ચીમકી ઉચ્ચારી છે કે જો યુનિવર્સિટીના આ સળગતા પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ નહીં લાવવામાં આવે તો હજારો વિદ્યાર્થીઓના ભવિષ્યને બચાવવા માટે આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

### શિક્ષણમંત્રી સમક્ષ કરવામાં આવેલી મુખ્ય માંગણીઓ

**ઉચ્ચસ્તરીય તપાસઃ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા, પરિણામ અને નબળી મૂલ્યાંકન પદ્ધતિની તટસ્થ તપાસ કરાવવામાં આવે.

**સમયબદ્ધ કેલેન્ડરઃ**

શૈક્ષણિક કેલેન્ડરનો કડક અમલ થાય જેથી પરીક્ષાઓ અને પરિણામો સમયસર આવે.

**કાયમી ઉકેલઃ**

હાજર વિદ્યાર્થીઓને ગેરહાજર દર્શાવવાની ટેકનિકલ કે વહીવટી ભૂલ કાયમ માટે બંધ થાય.

**જવાબદારો સામે પગલાંઃ**

વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરનારા બેદરકાર વહીવટી અધિકારીઓ સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી થાય.

**વિશેષ સુપરવિઝનઃ**

શિક્ષણ વિભાગના કોઈ વરિષ્ઠ અધિકારીને સ્પેશિયલ ઈન-ચાર્જ બનાવી સમગ્ર પ્રક્રિયા પારદર્શક બને તેનું નિયમિત મોનિટરિંગ ગોઠવવામાં આવે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# જલ ચોર

## ભદ્ર ગણાતા વિસ્તારોમાં પાણી ચોરી આઘાતજનક



શહેરના કથિત ભદ્ર અને પોશ ગણાતા વિસ્તારોમાં આકાશે આંબતી આલીશાન ઈમારતો સતત ઊભી થઈ રહી છે. ફાઈવ સ્ટાર જેવી સુવિધાઓ અને કરોડો રૂપિયાની કિંમત ધરાવતા આ અતિ કિંમતી ફ્લેટો બહારથી અત્યંત આકર્ષક દેખાય છે. પરંતુ, આટલા મોંઘા આવાસમાં પાણી જેવી પ્રાથમિક સુવિધાની સત્તાવાર વહીવટી વ્યવસ્થા ન હોય, તે અત્યંત આશ્ચર્યજનક અને શરમજનક બાબત છે.

સૌથી વધુ આઘાતજનક બાબત એ છે કે, પાણીની કાયદેસર અને સત્તાવાર વ્યવસ્થા કરવાને બદલે આ વિસ્તારોમાં કાયમ માટે પાણીની ચોરી કરવામાં આવે છે. મુખ્ય લાઈનોમાં ગેરકાયદેસર પંચર કરવા, ડાયરેક્ટ મોટર મૂકી પાણી ખેંચવું કે વહીવટી તંત્રની આંખમાં ધૂળ નાખી કનેક્શન છુપાવવા જેવી પ્રવૃત્તિઓ અહીં બેરોકટોક ચાલે છે. એક ભદ્ર બિલ્ડિંગમાં તો પાણીની લાઈનનો વાલ્વ બનાવીને પાણી ચોરી થતી હતી. આ આખી પરિસ્થિતિ આજના સમયની એક ગંભીર અને વરવી માનસિક્તા સૂચવે છે. આ દ્રશ્યો સાબિત કરે છે કે, આ ધનાઢ્ય વિસ્તારોમાં આર્થિક સમૃદ્ધિ ભલે વધી હોય, પરંતુ નૈતિક નિષ્ઠાની ભયંકર ગરીબી ફેલાઇ છે. પૈસાથી અમીર બનેલો વર્ગ નૈતિકતાની દ્રષ્ટિએ સાવ કંગાળ સાબિત થયો છે.

પાણી એ કુદરતી અને જાહેર સંપત્તિ છે, જેના પર દરેક નાગરિકનો સમાન અધિકાર છે. જ્યારે સંપત્તિવાન લોકો પોતાના વૈભવને ટકાવી રાખવા માટે આવી ચોરીઓ આચરે છે, ત્યારે તેની સીધી અસર સામાન્ય અને મધ્યમ વર્ગના વિસ્તારો પર પડે છે. ગરીબોના હકનું પાણી આ સફેદપોશ લોકો પોતાના બગીચાઓ અને ગાડીઓ ધોવામાં વેડફી નાખે છે. આ માત્ર નાની ચોરી નથી, પરંતુ સામાજિક ગુનો છે.

આવા ડિજિટલ અને હાઈપ્રોફાઈલ જલ ચોરને સમાજ વચ્ચે ખુલ્લા પાડવા હવે અતિ જરૂરી બન્યા છે. વહીવટી તંત્ર દ્વારા માત્ર ઉપરછલ્લી તપાસ કરવાથી કે કામચલાઉ ધોરણે ચોરી અટકાવવાથી કંઈ જ નહિ વળે. આવા તત્વો સામે કાયદાકીય કડકાઈ ખૂબ જ જરૂરી છે. કોર્પોરેશન દ્વારા આવા ગેરકાયદેસર જોડાણો તાત્કાલિક કાપી, તેમની સામે ફોજદારી ગુના દાખલ કરવા જોઈએ. વળી, તેમની પાસેથી આકરી રકમનો દંડ વસુલવો જરૂરી છે. જ્યાં સુધી કાયદાનો કડક કોરડો નહીં વીંઝાય અને સામાજિક પ્રતિષ્ઠા ખરડાવાનો ડર ઊભો નહીં થાય, ત્યાં સુધી આ ભદ્ર ચોરો સુધરવાના નથી. તંત્રની કડક કાર્યવાહી જ આ પાણી ચોરીના દૂષણને જડમૂળથી ઉખાડી શકશે.

# ભારત UNSC ના કામચલાઉ સભ્યપદ માટે કરશે દાવેદારી

## ભારત ૨૦૨૮-૨૯ કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાયી સભ્યપદ માટે ઔપચારિક ઝુંબેશ શરૂ કરશે

રાજકોટ, તા. ૧૩

ભારત આજે ૨૦૨૮-૨૯ કાર્યકાળ માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (ગ્નગ્જઈ) માં અસ્થાયી બેઠક માટે પોતાની દાવેદારી ઔપચારિક રીતે શરૂ કરશે. વિદેશ મંત્રી ડો. એસ. જયશંકર ન્યૂયોર્કમાં યુએન મુખ્યાલય ખાતે શાંતિ, ગ્રહ, પ્રગતિ અભિયાન શરૂ કરશે. તેઓ યુએન મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસ સાથે પણ મુલાકાત કરશે. ભારત આ અભિયાન એવા સમયે શરૂ કરી રહ્યું છે જ્યારે વિશ્વ રશિયા-યુક્રેન યુદ્ધ, ગાઝા સંઘર્ષ અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવ સહિત અનેક પડકારોનો સામનો કરી રહ્યું છે. નવી દિલ્હીનો ઉદ્દેશ્ય પોતાને એક જવાબદાર વૈશ્વિક શક્તિ અને વિકાસશીલ દેશો, ગ્લોબલ સાઉથ માટે એક મજબૂત અવાજ તરીકે સ્થાપિત કરવાનો છે.



ભારત ૨૦૨૭ ની યુએન જનરલ એસેમ્બલી ચૂંટણીમાં એશિયા-પેસિફિક જૂથમાં બેઠક માટે તાજિકિસ્તાન સાથે સ્પર્ધા કરશે. જો ભારત જીતે છે, તો તે નવમી વખત ૨૦૨૮-૨૯ કાર્યકાળ માટે સુરક્ષા પરિષદનો અસ્થાયી સભ્ય બનશે. ભારત અગાઉ ૧૯૫૦-૫૧, ૧૯૬૭-૬૮, ૧૯૭૨-૭૩, ૧૯૭૭-૭૮, ૧૯૮૪-૮૫, ૧૯૯૧-૯૨, ૨૦૧૧-૧૨ અને ૨૦૨૧-૨૨માં સુરક્ષા પરિષદના ચૂંટાયેલા સભ્ય તરીકે સેવા આપી ચૂક્યું છે. ૨૦૧૦ની ચૂંટણીમાં, ભારતને ૧૯૨ માંથી ૧૮૭ મત મળ્યા, જે તાજેતરના વર્ષોમાં કોઈપણ ઉમેદવાર માટે સૌથી મજબૂત સમર્થન છે.

જોકે, ભારતનો પ્રચાર બે વર્ષના કાર્યકાળ માટે બિન-કાયમી સભ્ય બનવા પૂરતો મર્યાદિત નથી. નવી દિલ્હી આ અભિયાનનો ઉપયોગ યુએન સુરક્ષા પરિષદમાં વ્યાપક સુધારાની માંગને વધુ તીવ્ર બનાવવા માટે પણ કરશે. ભારતે સતત કહ્યું છે કે ૧૯૪૫માં સ્થાપિત ૧૫ સભ્યોની સુરક્ષા પરિષદ આજની વૈશ્વિક વાસ્તવિકતાનું પ્રતિનિધિત્ કરતી નથી. તેથી, વિકાસશીલ દેશોને વૈશ્વિક નિર્ણય લેવામાં પૂરતું પ્રતિનિધિત્ મળે તે સુનિશ્ચિત કરવા માટે કાયમી અને બિન-કાયમી બંને શ્રેણીઓમાં વિસ્તરણ જરૂરી છે. તાજેતરમાં, ઈન્ડોનેશિયન સંસદને સંબોધિત કરતી વખતે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ યુએન સુરક્ષા પરિષદમાં સુધારાની જરૂરિયાતનો પુનરોચ્ચાર કર્યો. તેમણે જણાવ્યું હતું કે વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે અને વિકાસશીલ દેશોને વૈશ્વિક નિર્ણય લેવામાં સમાન ભાગીદારી હોવી જોઈએ. વડા પ્રધાને સ્પષ્ટપણે જણાવ્યું હતું કે યુએન સુરક્ષા પરિષદમાં સુધારાને હવે વધુ મુલતવી રાખી શકાય નહીં. રાજદ્વારી નિષ્ણાતો માને છે કે ભારતનું અભિયાન ફક્ત ચૂંટણીલક્ષી કવાયત નથી, પરંતુ વૈશ્વિક વ્યવસ્થામાં ભારતની ભૂમિકાને વધુ મજબૂત બનાવવાની વ્યૂહરચનાનો એક ભાગ છે. જ્યારે ભારત ૨૦૨૮-૨૯ કાર્યકાળ માટે અસ્થાયી સભ્યપદ ઇચ્છે છે, ત્યારે તે સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ અને વ્યાપક યુએન સુધારાના તેના એજન્ડા માટે વૈશ્વિક સમર્થન પણ મેળવશે. ભારત ૨૦૨૮-૨૯ કાર્યકાળ માટે યુએન સુરક્ષા પરિષદમાં અસ્થાયી સભ્યપદ માટે ઔપચારિક ઝુંબેશ શરૂ કરી રહ્યું છે. આ ઝુંબેશ ભારતને એક જવાબદાર વૈશ્વિક શક્તિ અને વૈશ્વિક દક્ષિણ માટે એક મજબૂત અવાજ તરીકે સ્થાપિત કરશે.

# 'આંખ બદલ આંખ' ઓપરેશન

## હોર્મુઝથી અમેરિકન બેઝ સુધી ઈરાનની પ્રતિરોધક રણનીતિ શું?

નવીદિલ્હી, તા.૧૩

મધ્ય પૂર્વમાં તણાવ ફરી એકવાર ખતરનાક તબક્કે પહોંચી ગયો છે. ઈરાનનો દાવો છે કે તેણે નસ્ત્રઆઈ ફોર એન આઈસ્ત્રસ્ત્ર નામનું લશ્કરી ઓપરેશન શરૂ કર્યું છે અને ગલ્ફ ક્ષેત્રમાં અમેરિકન લશ્કરી થાણાઓ પર મિસાઈલ હુમલા કર્યા છે. ઈરાનનો દાવો છે કે આ કાર્યવાહી તાજેતરના અમેરિકન હુમલાઓના જવાબમાં કરવામાં આવી હતી. આ દાવાથી ફરી એકવાર સમગ્ર પ્રદેશમાં યુદ્ધનો ભય ઉભો થયો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા તણાવ ખુલ્લા લશ્કરી મુકાબલા તરફ આગળ વધી રહ્યા હોય તેવું લાગે છે.



જો આ સંઘર્ષ વધુ વધશે, તો તેની અસર ફક્ત બે દેશો સુધી મર્યાદિત રહેશે નહીં પરંતુ સમગ્ર મધ્ય પૂર્વ, વૈશ્વિક તેલ બજાર અને આંતરરાષ્ટ્રીય વેપાર પર પણ પડી શકે છે. દુનિયા હવે જોઈ રહી છે કે અમેરિકા આ હુમલાનો કેવી પ્રતિક્રિયા આપે છે અને શું આ ઘટનાક્રમ મોટા પ્રાદેશિક યુદ્ધમાં ફેરવાઈ શકે છે. ઈરાની રાજ્ય મીડિયા અનુસાર, આ કાર્યવાહી ગલ્ફ ક્ષેત્રમાં અમેરિકન લશ્કરી થાણાઓને નિશાન બનાવી હતી.

ઈરાને દાવો કર્યો હતો કે તેનો ઉદ્દેશ્ય તે થાણાઓ સામે બદલો લેવાનો હતો જ્યાંથી તેની સામે લશ્કરી કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જો કે, આ સમાચાર મુજબ, અમેરિકાએ હુમલાઓથી થયેલા નુકસાનની સત્તાવાર પુષ્ટિ કરી નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો બંને દેશો વચ્ચે બદલો લેવાના હુમલા ચાલુ રહેશે, તો તે ગલ્ફ ક્ષેત્રમાં સુરક્ષા, તેલ પુરવઠા અને દરિયાઈ વેપાર પર અસર કરશે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગો પહેલાથી જ તણાવના કેન્દ્રમાં છે.

ઈરાને આ લશ્કરી કાર્યવાહીને નસ્ત્રઆંખ બદલ આંખસ્ત્રસ્ત્ર નામ આપ્યું છે. આ હોદ્દો સ્પષ્ટપણે દર્શાવે છે કે તે તેની સામે કોઈપણ લશ્કરી કાર્યવાહીનો જવાબ આપશે. ઈરાને લાંબા સમયથી કહ્યું છે કે જો તેની રાષ્ટ્રીય સુરક્ષા અથવા લશ્કરી થાણાઓ પર હુમલો કરવામાં આવશે તો તે બદલો લેવામાં અચકાશે નહીં. આ નીતિ હેઠળ, તેણે ભૂતકાળમાં ઘણી વખત બદલો લેવાની કાર્યવાહીની જાહેરાત કરી છે. આ દાવાથી મધ્ય પૂર્વમાં તણાવ ફરી વધ્યો છે, જેનાથી ચિંતાઓ વધી છે. ઈરાની મીડિયાનો દાવો છે કે ગલ્ફ ક્ષેત્રમાં યુએસ લશ્કરી થાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. જો કે, તે સ્પષ્ટ કરવામાં આવ્યું નથી કે કયા થાણાઓ પર હુમલો કરવામાં આવ્યો હતો અને કેટલું નુકસાન થયું હતું. અમેરિકાએ હજુ સુધી વિગતવાર સત્તાવાર માહિતી શેર કરી નથી. આવા કિસ્સાઓમાં, પ્રારંભિક દાવાઓ અને વાસ્તવિક નુકસાન વચ્ચે વિસંગતતા હોઈ શકે છે, તેથી વધુ સત્તાવાર નિવેદનો પર નજર રાખવામાં આવશે.

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ (ઈછ્યક્ષ્ઈ) એ નસ્ત્રઆંખ બદલ આંખસ્ત્રસ્ત્ર કાર્યવાહીના ભાગ રૂપે જોર્ડન, બહેરીન અને કુવૈતમાં યુએસ લશ્કરી થાણાઓને નિશાન બનાવવાનો દાવો કર્યો છે. ઈછ્યક્ષ્ઈ અનુસાર, પ્રથમ તબક્કામાં જોર્ડનમાં પ્રિન્સ હસન એર બેઝ પર મિસાઇલ અને ડ્રોન હુમલાઓનો સમાવેશ થતો હતો. બીજા તબક્કામાં બહેરીનમાં શેખ ઈસા એર બેઝ પર હુમલો કરવાનો સમાવેશ થતો હતો, જેમાં હેલિકોપ્ટર અને ડ્રોન સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતી. ત્રીજા તબક્કામાં કુવૈતમાં અલી અલ-સાલેમ એર બેઝ અને અહમદ અલ-જાબેર એર બેઝ પર હુમલો કરવાનો દાવો કરવામાં આવ્યો હતો. ઈરાને જણાવ્યું હતું કે આ કાર્યવાહી યુએસ લશ્કરી હુમલાઓના જવાબમાં કરવામાં આવી હતી અને આ કાર્યવાહી ચાલુ છે.

# શબ્દ બ્રહ્મ

## સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## પરા અને અપરા પ્રકૃતિ આધીન જીવાત્મા નાં જીવનનો મુખ્ય ઉદ્દેશ રસ પ્રાપ્તિનો જ છે!



હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. નિત્ય પ્રભાતે વ્હેતી ચિંતનની ધારા માટે ખૂબ બધાં પ્રતિભાવો આવે છે,ખાસ કરીને અહોભાવ હોય. મુખ્યત્વે બહેન તમે બહુ સરસ લખો છો! અમે નિયમિત વાંચીએ છીએ, ખૂબ આનંદ આવે છે. હવે પ્રતિકાત્મક રીતે આ વાતને વિચારીએ! તો ચિંતન શું ખાલી આટલાં માટે જ લખાય છે? ચિંતન સમાજમાં પડઘાતી હિંસાત્મક અશાંતિ બંધ કરવા માટે પ્રત્યેક વ્યક્તિનાં જાગરણનાં હેતુંથી લખાય છે! એટલે કે સદગુરુ આપણી સામે દર્પણ રાખે છે, અને આપણાં વિકૃત થતાં માનસને સમયસર સુધારવા માટેની આ જ યોગ્ય તક છે, એવું સૂચવે છે. કહેવાનું તાત્પર્ય એટલું જ કે લખાણ માત્ર વખાણવા માટે નથી, કંઈક બોધ ગ્રહણ કરવા માટે છે.બીજું પ્રશ્નો પણ ખૂબ આવે છે, કે શાસ્ત્રો આમ કહે છે! કે તેમ કહે છે! એટલે કે મનુષ્ય નિમિત્ત માત્ર છે, છતાં આપણે કર્મ બંધનની જાળમાં શું કામ ફસાઈએ છીએ! સર્વ પ્રથમ આ લેખ કેવળ સદગુરુ કૃપાના બળનું કારણ છે! એમાં લેખિકા પોતે વિદ્વાન છે, એવો કોઈ દાવો નથી! છતાં ક્યારેક સમજાય એવું ઉદાહરણ આપી સમજાવ્યું હોય, એનો મતલબ એવો નથી કે બહેનને બધી જ ખબર હોય! આજે મંગળવાર એટલે કે ગીતા જ્ઞાનનો દિવસે ભગવત્ ગીતાનાં સાતમા અધ્યાયનો ચોથા અને પાંચમા શ્લોકનું ચિંતન કરીશું. ગીતાનાં જ્ઞાન પર આજે સદગુરુ કૃપા જુદી રીતે પ્રકાશ પાથરશે!

ભૂમિરાપોડનલો વાયુઃ ખં મનો બુદ્ધિરેવ ચમ
અહંકાર ઈતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધાય ૪ય
અપરેયમિતસ્ત્વન્યાં પ્રકૃતિં વિદ્ધિ મે પરામ્મ
જીવભૂતાં મહાબાહો યયેદં ધાર્યતે જગત્ય ૫ય

પૃથ્વી, જળ, અગ્નિ વાયુ, આકાશ, મન, બુદ્ધિ, અને અહંકાર, આ પ્રમાણે આ આઠ પ્રકારે વિભાગ પામેલી મારી પ્રકૃતિ છે, આ આઠ પ્રકારનો ભેદ તો અપરા એટલે કે મારી જડ પ્રકૃતિ છે, અને હે મહાબાહો આના સિવાયની જે છે, કે જેનાથી આ આખું જગત ધારણ કરાય છે, એને મારી જીવરૂપાપરા એટલે કે ચેતન પ્રકૃતિ તરીકે તું ઓળખ.

ભગવાન શ્રી કૃષ્ણ એ આ રીતે પરમ તત્વનાં ગુણ ભેદનુ વિશ્લેષણ કર્યું અને કહ્યું કે પ્રત્યેક જીવ વ્યક્તિગત કે સામુહિક રીતે અકર્તા છે! હવે એનાથી પણ સુક્ષ્મ સ્તરે એટલે પ્રત્યેક જીવમાં આત્મા રુપે અવિનાશી તત્વ છે! તો શું એ પણ આ આઠ જડ પ્રકૃતિ મુજબ જીવન જીવવા સ્વતંત્ર છે? કે પછી એની માટે સ્વતંત્રતા અને પરતંત્રતા નો શું અર્થ કરીશું?

આ આઠેય પ્રકૃતિ મળીને સમગ્ર ભૌતિક જગતનું નિર્માણ કરે છે. શરીર અને દુનિયામાં જે કંઈ દેખાય છે તે, આ અષ્ટધા પ્રકૃતિમાંથી બનેલું છે. હજી વધુ સૂક્ષ્મ રીતે સમજાવે છે કે શરીર, મન, બુદ્ધિ અને અહંકાર પણ આત્મા નથી; તે ભગવાનની જડ એટલે કે અપરા શક્તિના ભાગરૂપ છે.સાધક જ્યારે સમજે છે કે નસ્ત્રહું શરીર નથી, મન નથી, બુદ્ધિ નથી કે અહંકાર નથી, હું તો ચૈતન્ય સ્વરૂપ આત્મા છું,સ્ત્રસ્ત્ર ત્યારે આધ્યાત્મિક યાત્રાની શરૂઆત થાય છે. પાંચમા શ્લોકમાં કહે છે, હે મહાબાહુ અર્જુન! આ આઠ જડ પ્રકૃતિ ઉપરાંત મારી બીજી પરા એટલે ચેતન પ્રકૃતિ છે, જે જીવાત્મા છે. આ જીવાત્માના કારણે જ સમગ્ર જગત ટકી રહ્યું છે અને કાર્ય કરે છે! આમ જડ અને ચેતન વચ્ચેનો સ્પષ્ટ ભેદ સમજાવે છે.

પરંતુ જીવ હજી પરા અને અપરા શકિતનો ભેદ સમજી શકતો નથી, માટે એને પ્રશ્ન થાય છે કે, પ્રત્યેક જીવમાં પરા અને અપરા પ્રકૃતિથી બનેલ અવિનાશી આત્મ તત્વ છે, તો શું જીવ ની એ અષ્ઠ પ્રકૃતિ સ્વતંત્ર છે કે પછી પરતંત્ર?

અવિનાશી આત્મા અષ્ટપ્રકૃતિથી બનેલો નથી. અષ્ટપ્રકૃતિ તો જડ છે, જ્યારે આત્મા ચેતન છે. જીવાત્મા અપરા પ્રકૃતિનો ઉપયોગ કરીને એટલે કે પંચ પ્રાણનો ઉપયોગ કરીને શરીર અને મન દ્વારા કાર્ય કરે છે. ગીતા અનુસાર અપરા પ્રકૃતિ સંપૂર્ણપણે પરતંત્ર છે. તે પોતાની મેળે કાર્ય કરતી નથી. તેને ચલાવનાર બે તત્ત્વ છેઃ

જીવાત્મા એટલે કે પરા પ્રકૃતિ રુપે શરીરને ચેતના આપે છે. પરમાત્મા જ સમગ્ર પ્રકૃતિનાં સર્વોચ્ચ નિયંતા છે. પરંતુ આપણો પ્રશ્ન જીવાત્મા સ્વતંત્ર છે કે પરતંત્ર? જીવાત્મા પૂર્ણ સ્વતંત્ર નથી, કે

સંપૂર્ણ પરાધીન પણ નથી.એટલે કે જીવ કર્મનો નિર્ણય લઈ શકે છે,પરંતુ કર્મનું ફળ, પ્રકૃતિનાં નિયમો, જન્મ-મરણ વગેરે તેનાં સંપૂર્ણ નિયંત્રણમાં નથી. આ બધું ઈશ્વરના નિયમ હેઠળ ચાલે છે. દરેક જીવ વેદ સમજી શકે નહીં, એટલે વેદાંત એની જગ્યાએ છે, એટલે કે વાસ્તવિકતા ગમે તે હોય એનો વ્યવહારિક દ્રષ્ટિકોણ શું છે? સદગુરુ આપણને કંઈક જુદી રીતે સમજાવે છે, દાખલા તરીકે બીજને માટીમાં દાટવું એટલું જીવાત્મા કરી શકે, પણ એને અંકુરિત કરવું કે નહીં એ પરમાત્માનો નિર્ણય છે! હજી વધુ સૂક્ષ્મ જઈએ તો પ્રાથમિક અનૂકૂલન મળતાં અંકુરિત થવું, એ માત્ર જૈવિક વૃદ્ધિ છે, અને જે ફળ ફૂલ સુધી સિમિત છે. પરંતુ રસની વૃદ્ધિનો મામલો પરમાત્માનો છે! સદગુરુના બોધ રુપેનો આ વિચાર ભારતીય દર્શનની મૂળ પરંપરાઓમાં ની એક છે, કે જીવનો પ્રયત્ન એટલે કે શ્રમ પછી તે વ્યવહારિક હોય કે આધ્યાત્મિક યાત્રાનું પરિણામ, પરમાત્માની કૃપા શક્તિ પર આધારિત છે. આ દ્રષ્ટિએ જોવામાં આવે તો કર્મ જીવ કરે છે, પરંતુ કર્મની સિદ્ધિ અનેક પરિબળો પર આધારિત છે, જેમાં ઈશ્વરીય વ્યવસ્થા પણ આવે છે. ભગવદ્ ગીતા મુજબ મનુષ્ય એકમાત્ર કર્તા નથી; કાર્યની સિદ્ધિ માટે અનેક કારણો કાર્યરત હોય છે.જો નસ્ત્રરસસ્ત્રસ્ત્રનો અર્થ વનસ્પતિનો જીવન રસ છે, તો વિજ્ઞાન વૃદ્ધિ સાબિત કરશે, આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રશ્ન થાય છે કે આ જૈવિક નિયમોને ચલાવતું મૂળ ચૈતન્ય અને વ્યવસ્થા ક્યાંથી આવી?ત્યાં ઈશ્વરનું તત્ત્વ આવે છે. પણ નસ્ત્રરસસ્ત્રસ્ત્રનો અર્થ જીવનની ચેતના, સૌંદર્ય, આનંદ અથવા દૈવી પ્રાણશક્તિ લઈએ, તો આ વાત ઉપનિષદોમાં પણ કહી છે. માત્ર રસાયણોથી જીવનનો અનુભવ સમજાવી શકાતો નથી; તેમાં ચૈતન્ય કાર્યરત છે, અને ગીતા પણ સતત એવો સંદેશ આપે છે કે, જીવ પ્રયત્ન કરી શકે છે, પરંતુ પ્રયત્નને ફળદાયી બનાવતી સર્વવ્યાપી શક્તિ પરમાત્માની છે. તેથી જ મનુષ્યને કર્મ કરવાનો અધિકાર છે, પરંતુ પરિણામ પર અધિકાર નથી. સદગુરુ કહે છે કે નસ્ત્રરસસ્ત્રસ્ત્ર એટલે, દૈવી આનંદ અને શાંતિ પ્રાપ્ત કરતી પૂર્ણતાને સિદ્ધ કરતું ચૈતન્ય. જીવ પુરુષાર્થ કરી શકે છે, પરંતુ દૈવી આનંદ ઉત્પન્ન કરી શકતો નથી. તે સાધના કરી શકે, અહંકાર ઓગાળી મનને શુદ્ધ કરી શકે, ભક્તિ થકી આત્મજ્ઞાન પ્રાપ્ત કરે. પરંતુ પરમ પૂર્ણતા શાંતિ, અને આનંદનાં અનુભવનું મૂળ પરમાત્મા છે. ભારતીય શાસ્ત્રોમાં પણ નસ્ત્રરસસ્ત્રસ્ત્ર એટલે સ્વાદ નહીં, પણ ઉપનિષદોમાં પરમ તત્ત્વને નસ્ત્રરસો વૈ સઃસ્ત્રસ્ત્ર તે પરમાત્મા જ રસ છે, એમ કહેવામાં આવ્યું છે. એટલે કે પરમાત્મા જ આનંદનું મૂળ સ્વરૂપ છે. દૈવી આનંદ માત્ર મનનાં પ્રયત્નથી ઉત્પન્ન થતો પદાર્થ નથી. તે મન શાંત થાય, અહંકાર ઓગળે અને પરમાત્મા સાથેનો સંબંધ પ્રગટ થાય ત્યારે અનુભવાય છે. જેમ કે સૂર્ય હંમેશાં પ્રકાશ આપે છે, પરંતુ જો બારી બંધ હોય, તો પ્રકાશ ઘરમાં પ્રવેશતો નથી. સૂર્યએ પ્રકાશ રોક્યો નથી; બારી ખોલવી કે ન ખોલવી એટલી સ્વતંત્રતા જીવને છે, અને એ રીતે પરમાત્માનો આનંદ સર્વત્ર છે. પરંતુ તેને અનુભવવા માટેની શુદ્ધ અંતઃકરણ રુપે બારી ખોલવી અવશ્ય છે. રસનું મૂળ પરમાત્મા છે, પરંતુ રસનો અનુભવ જીવની આંતરિક તૈયારીથી પ્રગટ થાય છે. તો પરા અને અપરા પ્રકૃતિ આધીન જીવાત્માના જીવનનો મુખ્ય ઉદ્દેશ રસ પ્રાપ્તિનો જ છે, પણ આપણે ભોગને રસ સમજી લીધો છે, અને એટલે મૂળ રસથી દૂર છીએ ! આ સત્યને અનુસરીને મૂળ રસ પ્રાપ્ત કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારાં શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# રામ મંદિરના CEO માટે અરજીઓ મંગાવાઈ

## ફક્ત ૫૦-૭૦ વર્ષની વયના લોકો જ પાત્ર : અનેક શરતો

નવીદિલ્હી, તા. ૧૩

અયોધ્યા રામ મંદિરમાં ચોરીનો મામલો સતત ચર્ચામાં રહે છે. આ દરમિયાન, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર (સીઈઓ) ના પદ માટે અરજીઓ જાહેર કરવામાં આવી છે. આ પદ માટે અરજીઓ મંગાવવામાં આવી છે, જેમાં બધી જરૂરી લાયકાત અને માહિતી પૂરી પાડવામાં આવી છે. માહિતી અનુસાર, ફક્ત ૫૦ થી ૭૦ વર્ષની વયના લોકો જ આ પદ માટે લાયક છે. પસંદ કરાયેલ ઉમેદવાર ત્રણ વર્ષ માટે આ પદ સંભાળશે. ઉમેદવારો પાસે સ્નાતકની ડિગ્રી હોવી આવશ્યક છે. ઉમેદવારો ધર્મ દ્વારા હિન્દુ હોવા જોઈએ, હિન્દી અને અંગ્રેજીનું સારું જ્ઞાન હોવું જોઈએ અને મોટી કંપનીમાં મેનેજરિયલ ભૂમિકામાં ઓછામાં ઓછો ૨૦ વર્ષનો અનુભવ હોવો જોઈએ.રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રે તેના સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે, જેમાં પદ વિશેની બધી વિગતો આપવામાં આવી છે. પોસ્ટમાં જણાવાયું છે કે સીઈઓનો પગાર પરસ્પર પરામર્શ દ્વારા



નક્કી કરવામાં આવશે. વધુમાં, સીઈઓને મળતા લાભો પછીથી નક્કી કરવામાં આવશે. પોસ્ટમાં જણાવાયું છે કે જેમણે અગાઉ મુખ્ય વહીવટી અધિકારી તરીકે સેવા આપી છે અથવા મોટા મંદિર/હિન્દુ ધાર્મિક સંસ્થાનું સંચાલન કર્યું છે તેમને પ્રાથમિકતા આપવામાં આવશે. આ લાયકાત ધરાવતા નિવૃત્ત અધિકારીઓ પણ અરજી કરવા પાત્ર છે. રામ મંદિરના સીઈઓ સીધા જનરલ સેક્રેટરીને રિપોર્ટ કરશે. સીઈઓ સંસ્થાના તમામ કાનૂની, વહીવટી અને નાણાકીય બાબતો માટે જવાબદાર રહેશે. સીઈઓ ટ્રસ્ટની જરૂરિયાતો અનુસાર કાર્ય કરવા માટે અસરકારક નિયમો, પ્રક્રિયાઓ અને સિસ્ટમો વિકસાવવા માટે પણ જવાબદાર રહેશે. નાણાકીય વ્યવહારો, એકાઉન્ટિંગ સિસ્ટમ્સ અને સંગઠનાત્મક માહિતી સંપૂર્ણ પ્રામાણિકતા, પારદર્શિતા અને જવાબદારી સાથે સંચાલિત થવી જોઈએ. અયોધ્યા રામ મંદિરમાં મુખ્ય કાર્યકારી અધિકારી (સીઈઓ) ના પદ માટે અરજીઓ મંગાવવામાં આવી છે. પાત્ર ઉમેદવારો ૫૦-૭૦ વર્ષની વય વચ્ચે હોવા જોઈએ, સ્નાતકની ડિગ્રી હોવી જોઈએ અને ૨૦ વર્ષનો વ્યવસ્થાપક અનુભવ હોવો જોઈએ. અરજીઓ ૧૮ જુલાઈ, ૨૦૨૬ સુધી ઈમેલ દ્વારા સબમિટ કરી શકાય છે.

### અષાઢી બીજ પુર્વે રાજકોટ શહેર પીસીબીની મોટી કામગીરીઃ સિન્ડીકેટનો કારસો નિષ્ફળ

# સોળ પિસ્તોલ-તમંચા-કાર્ટીસ સાથે ટોળકી ઝડપાઇ

## વાંકાનેર ચોકડીએથી એમપીના સપ્લાયરને ઝડપી લીધા બાદ હથીયારો મંગાવનારા ચોટીલા-જસદણના નામીચા ચાર શખ્સોને પકડી લેવાયા

રાજકોટ,તા.૧૩

શહેર પીસીબીની ટીમે ગેરકાયદેસર હથીયારની હેરાફેરી કરતી સિન્ડીકેટના પાંચ શખ્સોને પકડી લઇ દેશી બનાવટતા પિસ્તોલ, તમંચા, રિવોલ્વર મળી ૧૬ હથીયારો અને જીવતા કાર્ટીસો સાથે પાંચ શખ્સોને પકડી લીધા છે. જેમાં એક મધ્યપ્રદેશનો મુખ્ય સપ્લાયર અને ચાર આ હથીયારો ખરીદનારા સામેલ છે.

વિગતો પર નજર કરીએ તો આગામી અષાઢી બીજના તહેવાર અને રથયાત્રા સંદર્ભે કોઇ અનઇચ્છનીય ઘટના ન ઘટે તે માટે પેટ્રોલીંગમાં રહેલી પ્રિવેન્સશન ઓફ ક્રાઇમ બ્રાંચ (પીસીબી)ને મળેલી બાતમીને આધારે વાંકાનેર ચોકડી નજીક હથીયારોની ડિલીવરી કરવા આવેલા મધ્યપ્રદેશના શકીલ સાદીક મન્સુરી (ઉ.વ.૩૮-રહે. મિરઝાપુર તા. જી. ધાર)ને ઝડપી લઇ૧૬ પિસ્તોલ, તમંચા, રિવોલ્વર તેમજ જીવતા કાર્ટીસ ઝડપી લેવાયા હતાં. આ શખ્સ પાસેથી હથીયારો મંગાવનાર જસદણ, ચોટીલાના ચાર શખ્સોને પણ પીસીબીએ ઝડપી લઇ વિશેષ વિગતો ઓકાવવા રિમાન્ડની તજવીજ હાથ ધરી હતી.

વિશેષ માહિતી અનુસાર પીસીબી પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ આર. કે. જાડેજા અને પીએસઆઇ પી. બી. ત્રાજીયાની ટુકડીના હેડકોન્સ. કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા અને કોન્સ. યુવરાજસિંહ રાણાને મધ્યપ્રદેશનો શખ્સ ગેરકાયદે હથીયારોની ડિલીવરી કરવા આવતો હોવાની બાતમી મળી હતી. આ સંદર્ભે વાંકાનેર ચોકડી નજીક વોચ ગોઠવી બાતમી મુજબના શખ્સને સકંજામાં લઇ લીધો હતો. પોલીસે તેની તલાશી લેતાં તેની પાસેથી દેશી બનાવટના પાંચ હથીયાર અને ૨૦ કાર્ટીસ મળી આવ્યા હતાં. પુછતાછમાં પોતાનું નામ શકીલ મન્સુરી જણાવ્યું હતું.

તેની પુછતાછમાં અન્ય ૧૧ જેટલા હથીયારો અગાઉ જયસુખ ઉર્ફે જેસો વલ્લભ વાઘેલા (ઉ.વ.૩૫-રહે. બોઘરાવદર તા. જસદણ), ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલિકભાઇ (અનીલભાઇ) રોજાસરા (ઉ.વ.૩૨-રહે. ચોટીલા, રૂદ્રભુમિ શેરી નં. ૧, મકાન નં. ૩), અનિલ વિરાભાઇ ખેતરીયા (ઉ.વ.૩૦-રહે. વૃંદાવન સોસાયટી, સપના હોટેલ પાછળ, ચોટીલા) અને પ્રદિપ અનકભાઇ કરપડા (ઉ.વ.૩૨-રહે. ગેલેક્સી સોસાયટી, ચોટીલા, મુળ ગામ ચાંદરેલીયા થાન)ને આપ્યા હોવાનું કબુલતાં આ તમામને તબક્કાવાર ઝડપી લઇ દેશી પિસ્તોલ ૧૦, દેશી તમંચા ૦૫, દેશી રિવોલ્વર-૦૧, જીવતા કાર્ટીસ-૩૦ અને ચાર મોબાઇલ સહિત રૂા. ૨,૦૩,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને વિશેષ તપાસ યથાવત રાખી હતી.

વધુ માહિતી અનુસાર આરોપી જયસુખ સામે જસદણમાં આર્મ્સ એક્ટ, રાજકોટ ડીસીબીમાં દારૂ-આર્મ્સ એક્ટ, ઉમરાળા પોલીસ સ્ટેશનમાં દારૂ, બોટાદમાં હત્યાનો પ્રયાસ, ચોટીલામાં મારામારી, બોટાદમાં અકસ્માત, રાજકોટ આજીડેમ પોલીસમાં હત્યાની કોશિષ સહિતના ૯ ગુના અગાઉ નોંધાઇ ચુક્યા છે. આ ઉપરાંત આરોપી ગાવસ્કર ઉર્ફે દર્શન સામે પણ આર્મ્સ એક્ટના બે ગુના શાપર વેરાવળ અને રાજકોટ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાઇ ચુક્યા છે.

જ્યારે આરોપી પ્રદિપ કરપડા સામે ચોટીલામાં દારૂ, જસદણમાં આર્મ્સ એક્ટનો ગુનો નોંધાયો હતો. દર્શન પાસેથી દેશી બનાવટના પાંચ હથીયાર, દસ કાર્ટીસ અને પ્રદિપ પાસેથી દેશી બનાવટના ત્રણ હથીયાર કબ્જે કરાયા હતાં. આમ ગેરકાયદે હથીયારનું ખરીદ-વેંચાણ કરતી સિન્ડીકેટના શખ્સોને કુલ ૧૬ હથીયારો, કાર્ટીસ સાથે ઝડપી લેવાયા હતાં. પોલીસ કમિશનર બ્રજશેકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિકની સુચના અંતર્ગત પીઆઇ એમ. આર. ગોંડલીયા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજા તેમજ એએસઆઇ મયુરભાઇ પાલરીયા, સંતોષભાઇ મોરી, મહિપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. કિરતસિંહ ઝાલા,



વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, ઉમેશભાઇ ચાવડા, દિલીપભાઇ બોરીચા, રાહુલગીરી ગોસ્વામી, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, પ્રદિપસિંહ સરવૈયા, કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કલોતરા, વાલજીભાઇ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઇ દવે અને ડ્રા. હેડોન્સ. જયેશભાઇ ગઢવીએ આ કામગીરી કરી હતી. ઝડપાયેલા તમામની રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરાઇ હતી.

---

### ગુનાઓ કરીને કે જેલમાંથી રજા મળી ભાગી જનારાઓને દબોચી લેવાયા

# હત્યા સહિતના ગુનાનો આરોપી, સાયબર ક્રાઇમના બે આરોપી અને ગેંગવોરમાં ફરાર શખ્સ ઝડપાયા

રાજકોટ,તા.૧૩

અલગ અલગ ગુનાઓમાં અને જેલમાંથી રજા પર છુટયા બાદ ભાગતા ફરતાં વધુ ચાર શખ્સોને ઝડપી લેવાયા હતાં. જેમાં પરૌલ ફરલો સ્ક્વોડે બે મર્ડર સહિતના ગુનામાં જેલમાં રહેલો રાણાવવાનો શખ્સ વચગાળાના જામીન બાદ ભાગી ગયો હોઇ તેને શોધી કાઢ્યો હતો. ઉપરાંત સાયબર ક્રાઇમના ગુનામાં ફરાર બે શખ્સોને શોધી કાઢયા હતાં. તો બીજી તરફ એલસીબી ઝોન-૧ ટીમે મુરઘા-પેંડા ગેંગની વોરના ગુનામાં ફરાર શખ્સને નવ મહિના બાદ દબોચી લીધો હતો.

વિગતો પર નજર કરીએ તો પોરબંદરના રાણાવાવ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ડબલ મર્ડરના ગુનામાં આદિત્યાણા ગામના વિજય ઉર્ફે વિંજો રામદેભાઇ મોઢવાડીયા નામના આડત્રીસ વર્ષના કાચા કામના કેદી તરીકે રાજકોટ જેલમાં રખાયો હોઇ અહિથી તે વચગાળાના જામીન પર છુટયા બાદ ફરાર થઇ ગયો હતો. તેને બોટાદના પાળીયાદથી પકડી લઇ જેલમાં રજુ કરાયો છે. આ શખ્સ વિરૂધ્ધ રાણાવાવ પોલીસ સ્ટેશનમાં ડબલ મર્ડર, મારામારી, ધાકધમકી સહિતના પાંચ અલગ અલગ ગુનાઓ નોંધાયેલા છે.

તેમજ શહેરના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં રૈયા રોડ હનુમાન મઢી પાછળ શિવપરા-૪માં રહેતો અમન અહેમદભાઇ કૈડા ફરાર હોઇ તેને તેમજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના ગુનામાં સાત મહિનાથી ફરાર ગૌરવસિંહ અજયસિંહ જાડેજા (હાલ ફ્લેટ નં. ૬૦૪, લક્ષ્મીનિવાસ, નારોલ અમદાવાદ, મુળ સોખડા ચોકડી રાજકોટ)ને પેરોલ ફરલો સ્ક્વોડની ટીમે અમદાવાદથી ઝડપી લીધો હતો. આ શખ્સ વિરૂધ્ધ સાયબર ક્રાઇમ પોલીસમાં ગુનો નોંધાતા તે ફરાર થઇ ગયો હતો. હાલ તે અમદાવાદ હોવાની બાતમી પરથી પકડી લઇ સાયબર ક્રાઇમ પોલીસને સોંપાયો હતો. આ તમામ કામગીરી પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પેરોલ ફરલો સ્ક્વોડના



**પેરોલ ફરલો સ્ક્વોડ અને એલસીબી ઝોન-૧ની ટીમોની અલગ અલગ કામગીરી**

પીઆઇ કે. કે. ગોહિલ અને ટીમના પીએસઆઇ એસ. બી. ધાસુરા, એએસઆઇ ઝહીરખાન ખફીફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, રાજદિપસિંહ ગોહિલ, હેડકોન્સ. સિરાજભાઇ ચાનીયા, રાજદિપસિંહ ચૌહાણ, રોહિતભાઇ કછોટ, અંકિતભાઇ નિમાવત, કોન્સ. અમીનભાઇ ભલુર, કુલદિપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને કોન્સ. દોલતસિંહ રાઠોડે કરી હતી.

જ્યારે શહેરના વિદ્યાનગર મેઇન રોડ પર મુરઘાગેંગ અને પેડાગેંગ વચ્ચે થયેલી ગેંગવોર-ફાયરીંગના ગુનામાં ફરાર મધ્યપ્રદેશના શખ્સને ગવરીદળ ગામ પાસેથી એલસીબી ઝોન-૧ ટીમે પકડી લઇ કાર્યવાહી કરી હતી. અલગ અલગ ગુનામાં ફરાર શખ્સોને શોધી કાઢવાની ઝુંબેશ અંતર્ગત એલસીબી ઝોન-૧ ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હેડકોન્સ. જગદીશસિંહ પરમાર, કોન્સ. મહાવીરસિંહ ચુડાસમા અને રાજવીરભાઇ પટગીરને બાતમી મળી હતી કે એ-ડિવીઝન પોલીસમાં નોંધાયેલા મુરઘાગેંગ, પેંડાગેંગના ગેંગવોરના ગુનામાં જેનું નામ ખુલ્યું હતું તે વિશ્વરાજસિંહ ઉર્ફે દાદુ ઠાકુર પૃથ્વીરાજસિંહ રાઠોડ (રહે. પીપલીયાવાટ ગામ, સૌરવા થાના તા. સૌડવા જી. અલીરાજપુર મધ્યપ્રદેશ) ગવરીદળ ગામમાં આવ્યો છે. આ માહિતીને આધારે તેને પકડી લીધો હતો.

નવ મહિના પહેલા મનહરપ્લોટ વિદ્યાનગર મેઇન રોડ પર ગેંગવોર થઇ હતી. જેમાં હથીયાર સપ્લાયર તરીકે આ શખ્સનું નામ ખુલતાં તે સતત ફરાર હતો. આ અંગેની વિશેષ તપાસ એસઓજી દ્વારા થઇ રહી છે. પીએસઆઇ એમ. કે. મોવલીયા, એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હરેશભાઇ પરમાર, હેડકોન્સ. હિતેન્દ્રસિંહ ઝાલા, હિતેષભાઇ પરમાર, નરેન્દ્રભાઇ ગઢવી, જગદીશસિંહ પરમાર, કોન્સ. મહાવીરસિંહ ચુડાસમા, રવિરાજભાઇ પટગીર, નિખીલભાઇ પીરોજીયાએ આ કામગીરી કરવામાં આવી હતી.

---

### રાજકોટના લોઠડા ગામનો બનાવઃ મુળ યુપીનો વતની હતો

# કામ ન મળતાં યુવાને વિડીયો કોલ ચાલુ કરી ગળાફાંસો ખાધો

રાજકોટ,તા.૧૩

આપઘાતની વધુ એક ઘટનામાં રાજકોટ તાલુકાના સરધાર તાબેના લોઠડા ગામે થોડા દિવસ પહેલા જ કામની શોધમાં મોટા ભાઇને ત્યાં આવેલા મુળ યુપીના યુવાને રાતે કોઇપણ સમયે બારીમાં મોબાઇલ ફોન રાખી વિડીયો કોલ ચાલુ કરી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. સવારે મોટો ભાઇ જાગ્યો ત્યારે આ ઘટનાની જાણ થઇ હતી. લોઠડા ગામમાં રહેતાં અઢાર વર્ષના રાહુલ નનકુભાઇ આર્યા એ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાની જાણ ૧૦૮ના ઇએમટી તબિબ મારફત થતાં આજીડેમ પોલીસ સ્ટેશનના હેમંતભાઇ ધરજીયા, જયપાલભાઇ સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

વધુ વિગતો જોઇએ તો આત્મહત્યા કરી લેનાર રાહુલ ચાર બહેન અને બે ભાઇમાં ત્રીજો તથા અપરિણીત હતો.

મુળ યુપીનો વતની રાહુલ હાલ મુંબઇ રહી છુટક કામ કરતો હતો. તે ગત ત્રીજી તારીખે જ લોઠડા ગામે રહેતાં મોટા ભાઇ સાથે કામની શોધમાં આવ્યો હતો. પરંતુ અઢાર વર્ષ પુરા થવામાં હજુ વાર હોઇ નાની ઉમરને કારણે કામ ન મળતાં ગુમસુમ રહેતો હતો. સવારે તેનો મોટો ભાઇ અજયભાઇ જાગ્યો ત્યારે નાના ભાઇ રાહુલને લટકતો જોતાં દેકારો મચાવી મુકતાં બીજા લોકો ભેગા થઇ જતાં કોઇએ ૧૦૮ બોલાવી હતી. પણ તેના તબિબે તેને મૃત જાહેર કરતાં કલ્પાંત સર્જાયો હતો. રાહુલે આપઘાત પુર્વે બારીમાં મોબાઇલ ફોન રાખી વિડીયો કોલ કર્યો હોવાનું જણાયું હતું. તે વખતમાં કોઇ છોરી સાથે વાત કરતો હતો. આ પગલુ કામધંધો ન મળવાને કારણે કર્યાની શક્યતા છે. પોલીસે વધુ તપાસ યથાવત રાખી હતી.

---

# ૨૦ લાખના ચેક રીટર્ન કેસમાં આરોપીને એક વર્ષની જેલ

રાજકોટ, તા.૧૩

રાજકોટની અદાલતે વેવાઈ-વેવાઈ વચ્ચેના વિશ્વાસના આધારે થયેલા રૂ. ૨૦ લાખના નાણાકીય વ્યવહારમાં ચેક બાઉન્સના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપતાં આરોપી છગન કાનજીભાઈ કપુરીયાને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

સાથે જ ફરીયાદી કિશોર નાથાભાઈ ઠુંમરને એક માસમાં રૂ. ૨૦ લાખ વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

જો નિર્ધારિત સમયમર્યાદામાં રકમ નહીં ચૂકવે તો વધુ બે માસની કેદ ભોગવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ કેસમાં ફરીયાદી તરફે એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા, ભાવીન ખુંટ, સાહીલ કંટારીયા અને મદદમાં નીરવ દોંગા, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયા હતા.

---

### ખોટુ કરીને ખિસ્સા ભરવા હોય તે ગમે તે કરેઃ બે તસ્કર ઝડપાયા

# કાર ભાડે રાખી બંધ મકાનમાં ત્રાટકતા બે ચોર ઝબ્બે

## પ્લમ્બીંગ અને ઇલેક્ટ્રીક કામની મજુરી કરતાં બંને મોજશોખ પુરા કરવા બંધ ઘરોની રેકી કરી હાથફેરો કરતાંઃ ક્રાઇમ બ્રાંચે દબોચી બે ઘરફોડ ચોરી ઉકેલીઃ સાડા અગીયાર લાખનો મુદ્દામાલ થયો કબ્જે



રાજકોટ,તા.૧૩

જેને ખોટુ કરીને કે ગુના આચરીને જ ગજવા ભરવા છે તે કંઇપણ કરતાં હોય છે. શહેરમાં રહેતાં અને પ્લમ્બીંગ કામ તથા ઇલેક્ટ્રીક કામની મજૂરી કરી ગુજરાન ચલાવતાં બે શખ્સો મોજશોખ પુરા કરવા માટે ચોરીના રવાડે ચડી ગયા હતાં. આ બંને ભાડેથી સેલ્ફમાં કાર લઇ બંધ મકાનની રેકી કરવા નીકળી પછી આ જ કારનો ઉપયોગ કરી ઘરોમાંથી ચોરીઓ કરતાં હતાં.

ક્રાઇમ બ્રાંચે આ બંનેને પકડી લેતાં બે ઘરફોડ ચોરીના ભેદ ખુલ્યા હતાં. સાડા અગીયાર લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. અગાઉ પણ આ બંને ચોરીના ગુનામાં પકડાઇ ગયાની વિગતો સામે આવી હતી.

માહિતી પર નજર કરીએ તો શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ વણઉકેલાયેલી ચોરીઓ શોધી કાઢવા માટે અપાયેલી સુચના અંતર્ગત ક્રાઇમ બ્રાંચે રાવલનગરમાં બે મકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલી પ્લમ્બર અને ઇલેક્ટ્રીશીયનને પકડી ચોરાઉ મુદ્દામાલ, સ્કોર્પિયો સહિત ૧૧.૪૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. મોજશોખ પુરા કરવા આ બંને ભાડે કાર લઇ બંધ મકાનની રેકી કરી ચોરી કરતાં હતાં. અગાઉ પણ બંને આવા ગુનામાં સંડોવાઇ ચુક્યા હતાં.

ક્રાઇમ બ્રાંચના પીએસઆઇ ડી. પી. ઝાલાની ટીમ ચોરીના ગુનાઓ ઉકેલવા પેટ્રોલીંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ સંજયભાઇ અલગોતર, અમિતભાઇ ટુંડીયા, કોન્સ્ટેબલ કિશનભાઇ પાંભર અને મહાવીરસિંહ જાડેજાને સંયુક્ત રીતે બાતમી મળી હતી કે રાવલનગરમાં બંધ મકાનમાં થયેલી ચોરીમાં સામેલ શખ્સો જામનગર રોડ પર બી.એ. ડાંગર કોલેજ પાછળ આવેલ ૨૫ વારીયા ક્વાર્ટરમાં રહે છે.

આ બાતમીને આધારે પોલીસ ટુકડી પહોંચી હતી અને આ વિસ્તારમાંથી ઋત્વીક ભરતભાઇ ઉર્ફે શક્તિભાઇ દુધૈયા (રહે. ૨૫ વારીયા શેરી નં. ૨ બ્લોક નં. ૪૯૮) તથા રત્નદીપસિંહ ભરતસિંહ પરમાર (રહે. ૨૫ વારીયા, શેરી નં. ૦૨, બ્લોક નં. ૫૯૨)ને પકડી લીધા હતાં.

આ બંને પાસેથી સોના-ચાંદીના દાગીનોં માલાબાર કંપનીની સોનાની ૧૬ લગડી વજન ૨.૪૦૦ ગ્રામ, ૧૮ કેરેટની સોનાની બુટી વજન ૨.૧૭૦ ગ્રામ, ૨ જોડી ચાંદીના સાંકળા, ૨ નંગ ચાંદીની માછલી, જુના ચાંદીના સિક્કા અને એક ચાંદીની નોટ તેમજ રોકડ રૂા. ૫૦ હજાર રૂપિયા ૫૦૦ની નોટો, તેમજ રૂ. ૧૦૦, ૨૦, ૧૦, ૫, ૨ અને ૧ના દરની ચલણી નોટો તેમજ ૫૦ પૈસા, ૨૫ પૈસા, ૨૦ પૈસા અને ૧૦ પૈસાના સેંકડો સિક્કાઓ કબ્જે કર્યા છે. તેમજ સેમસંગ કંપનીનું ૫૫ ઇંચનું સ્માર્ટ ટીવી રૂા. ૩૦ હજારનું અને ચોરીમાં ઉપયોગમાં લીધેલી સ્કોર્પિયો ૧૦ લાખની કબ્જે કરી છે.

ડિટેકશન બાત વિશેષ પુછતાછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે ઋત્વીક અને રત્નદિપસિંહ બંને અગાઉ પણ ગાંધીગ્રામમાં ચોરીના ગુનામાં પકડાયા હતાં. ઋત્વીક પ્લમ્બર તરીકે અને રત્નદિપસિંહ ઇલેક્ટ્રીશીયન તરીકે છુટક મજૂરી કરે છે. મોજશોખ પુરા કરવા સેલ્ફમાં ભાડે કાર રાખી બંધ મકાનની રેકી કરી ચોરી કરવાની આદત ધરાવે છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય મંડલિક, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બી. બસીયાની સુચના અંતર્ગત પીઆઇ એ. એસ. ચાવડા, એમ. એલ. ડામોર, સી. એચ. જાદવ, પીએસઆઇ ડી.પી. ઝાલા તથા એએસઆઇ યશવંતભાઇ ભગત, સમીરભાઇ શેખ, હેડ કોન્સ્ટેબલ કરણભાઇ કોઠીવાળ, સંજયભાઇ અલગોતર, અમિતભાઇ ટુંડીયા, હરસુખભાઇ સબાડ, કોન્સ્ટેબલ અરવિંદભાઇ ફતેપરા, મહાવીરસિંહ જાડેજા, કિશનભાઇ પાંભર, જીલુભાઇ ગરચર, પોપટભાઇ ગમારાએ આ કામગીરી કરી હતી. આ બંને વધુ કોઇ ગુનામાં સામેલ છે કે કેમ? તેની તપાસ યથાવત રખાઇ હતી.

જેને પંદર વર્ષથી ઓળખતા હતાં એવા જ સગા બે ભાઇઓ ખેલ પાડી ગયા

# એડમિશનના નામે વૃધ્ધને લાખોમાં છેતર્યા

## ડિપ્લોમામાં નાપાસ થયેલા દિકરાને ફરીથી ભણાવવાના પ્રયાસમાં વૃધ્ધ છેતરાયાઃ બીજી તરફ આઠ લાખની ચોરીનો ભેદ કલાકોમાં ઉકેલી બે તસ્કરને પકડી લેવાયા

રાજકોટ, તા. ૧૩

અલગ અલગ રીતે લોકોને છેતરનારા ભેજાબાજો મોટે ભાગે તો શેરબજાર, યુએસડીટી કે પછી ક્રિપ્ટો સહિતમાં રોકાણના નામે ઠગાઇ આચરતા હોય છે. તો ઘણીવાર નોકરી અપાવવાના નામે પણ ગઠીયાગીરી કરી લેતાં હોય છે. વધુ એક નવતર રીતે ઠગાઇ થઇ હતી. જેમાં યુનિવર્સિટીમાં એડમીશન અપાવી દેવાના નામે લાખોનો ચૂનો લગાવી દેવાયો હતો. ચોંકાવનારી વાત એ હતી કે વૃધ્ધને તેના જ બે જુના પરિચીત એવા બે સગા ભાઇઓ શીશામાં ઉતારી ગયા હતાં.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં શિક્ષણના નામે વિશ્વાસઘાતનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. નારોલ વિસ્તારમાં રહેતા એક વૃદ્ધને તેમના પંદર વર્ષ જૂના પરિચિત બે સગા ભાઈઓએ વિશ્વાસમાં લઈ પુત્રને નિરમા યુનિવર્સિટીમાં ડિગ્રીમાં એડમિશન અપાવવાની લાલચ આપી હતી. આરોપીઓએ ચાર વર્ષ દરમિયાન ફીના નામે કટકે-કટકે રૂ.૪.૯૯ લાખ પડાવી લીધા હતા. જોકે પુત્રના અચાનક અવસાન બાદ પિતા યુનિવર્સિટીમાં પહોંચતા સમગ્ર છેતરપિંડીનો પર્દાફાશ થયો હતો.

આ મામલે નારોલ પોલીસે બંને ભાઈઓ સામે છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. નારોલમાં રહેતા બાંસઠ વર્ષીય ફતેસિંહ લોધા નિવૃત્ત જીવન જીવે છે અને લાંબા સમયથી ધાર્મિક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. આ દરમિયાન છેલ્લા પંદર વર્ષથી શાસ્ત્રીનગરમાં રહેતા રંજન મહેશ્વરી અને ચંદન મહેશ્વરી નામના બે સગા ભાઈઓ તેમની ઓળખાણમાં આવ્યા હતા અને બંનેએ પરિવાર સાથે વિશ્વાસનો સંબંધ કેળવ્યો હતો.

ફતેસિંહભાઈનો પુત્ર હિતેષ અગાઉ પ્લાસ્ટિક મોલ્ડ ટેકનોલોજીના ડિપ્લોમા કોર્સ કરતો હતો તેનો કોર્સ પુરો થાય પછી તેને નિરમા યુનિવર્સીટીમાં ડીગ્રી કોર્સમાં પ્રવેશ અપાવી રંજન અને ચંદન મહેશ્વરીએ ખાતરી આપી હતી. દરમિયાન હિતેષ નાપાસ થયો હતો. તેમ છતા આ બંનેએ તેને ડીગ્રીમાં પ્રવેશ અપાવી દેવાનું કહીને વારંવાર એડમિશન થઈ ગયું હોવાનું કહી અને કોલેજ ફી, સેમેસ્ટર ફી તેમજ અન્ય ખર્ચના બહાને કુલ રૂ.૪.૯૯ લાખ લીધા હતા.

ફતેસિંહભાઈ વધુ ભણેલા નહોઈ તેમને ખબર પડતી નહતી એટલે તેમણે કોલેજની ફીની રિસીપ્ટ માંગતા હિતેષે તેમને રીસીપ્ટ આપી હતી




જે કયાંથી આવી તેમને ખબર નહતી. દરમિયાન હિતેષને અચાનક ખેંચ આવતા તે સીડી પરથી પડી ગયો હતો. ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. પુત્રના અવસાન બાદ જરૂરી દસ્તાવેજોની કાર્યવાહી માટે ફતેસિંહભાઈ નિરમા યુનિવર્સિટી પહોંચ્યા હતા.

ત્યાં તપાસ કરતાં તેમને જાણ થઈ હતી કે હિતેષ નામના કોઈ વિદ્યાર્થીનું યુનિવર્સિટીમાં ક્યારેય એડમિશન થયું જ નહોતું. આ હકીકત સામે આવતા વૃદ્ધને સમજાયું કે વર્ષો સુધી વિશ્વાસમાં રાખીને તેમની સાથે છેતરપિંડી કરવામાં આવી છે. આખરે તેમણે રંજન મહેશ્વરી અને ચંદન મહેશ્વરી વિરુદ્ધ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બંને ભાઈઓ સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી હતી.

બીજી તરફ લાખોની ચોરીનો ભેદ કલાકોમાં ઉકેલાઇ ગયો હતો. દમણ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં એક કંપનીમાંથી આઠ લાખની રોકડ ચોરી કરનાર બે રીઢા તસ્કરોને કોસ્ટલ પોલીસ સ્ટેશન કડૈયાની ટીમે ચોવીસ કલાકમાં ઝડપી પાડ્યા હતાં. પોલીસે ટેકનિકલ આધારો પર તપાસ કરીને આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની પાસેથી ચોરી થયેલી રકમ તથા અન્ય મુદ્દામાલ રિકવર કરવામાં સફળતા મેળવી હતી. ફરિયાદી અશોક કુમાર મોદીએ કડૈયા પોલીસ સ્ટેશનમાં ચોરી અંગેની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, દમણ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ ખાતે આવેલી તેમની"માર્સ પેકેજિંગ ઈન્ડસ્ટ્રીઝ" નામની કંપનીની ઓફિસને નિશાન બનાવવામાં આવી હતી. અજાણ્યા તસ્કરોએ ઓફિસના પાછળના ગેટ અને ઓફિસનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ કબાટ તોડી તેમાં રાખેલા આઠ લાખ રોકડાની ચોરી કરી હતી. પકડાઈ ન જવાય તે માટે તસ્કરોએ ઓફિસના સીસીટીવી કેમેરા પણ નિષ્ક્રિય કરવાનો પ્રયાસ કર્યો હતો.

ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને કડૈયા પોલીસે ઘટનાસ્થળના સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સાક્ષ્યોની મદદથી તપાસ શરૂ કરી હતી. પોલીસે શંકાના આધારે અજિતસિંહ ખાટી નામના ઈસમની અટકાયત કરીને સઘન પૂછપરછ કરી. પૂછપરછ દરમિયાન અજિતસિંહ ખાટીએ ગુનાની કબૂલાત કરી હતી અને તેની પાસેથી છ લાખ ચાલીસ હજારની રોકડ રકમ મળી આવી હતી. તેની પૂછપરછના આધારે પોલીસે સહ-આરોપી પવન રાજપૂતને વાપીના ભડકમોરા ખાતેથી ઝડપી પાડ્યો હતો. પવન પાસેથી રૂ. એક લાખ ચોત્રીસ હજાર પાંચસો રોકડા તેમજ ચોરીના રૂપિયામાંથી ખરીદેલા નવા મોબાઈલ ફોન, કપડાં અને વાયરલેસ ઈયરબડ્સ મળી આવ્યા હતા. પોલીસે કુલ રૂ. ૭,૭૪,૫૦૦ની રોકડ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

ગઠીયાઓ રોજ નવા નવા તુક્કાઓ લગાવી ગજવા ભરી લેવામાં સફળ

# રોકાણના નામે કાફે સંચાલકને કરોડનો ચૂનો

## વિદેશોમાં રોકાણ પર નફાની લાલચ દઇ શરૂઆતમાં નફો દીધોઃ યુવાને જમીન વેંચી રોકડા દીધા પછી આવી ગયો નેવુ લાખનો ડામઃ બીજી તરફ ભુવો બની વિધીના નામે દાગીના પડાવી જતો ગઠીયો પકડાયો

રાજકોટ, તા. ૧૩

રોકાણ પર ઉંચા વળતરની લાલચ આપીને લોકોને છેતરી લેનારા રોજબરોજ નવા નવા તુક્કાઓ લગાવી ગજવા ભરી લેવામાં સફળ થઇ જાય છે. વધુ એક વખત આવી ઠગાઇ થઇ છે જેમાં સાયબર કાફેના સંચાલકને દુબઇ સહિતના અલગ અલગ દેશોમાં રોકાણ કરવાથી ઉંચુ વળતર મળશે તેવી લાલચ આપીને નેવુ લાખથી વધુની રોકડ ખંખેરી લેવામાં આવી હતી. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતાં તપાસ શરૂ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો સોલાના શ કન કોમ્પ્લેક્સમાં રોનક શાહ નામના ઠગે દુબઈ સહિતના દેશોમાં રોકાણ પર ચા વળતરની લાલચ આપી. તેણે સંજયભાઈ બાવળવા પાસેથી નેવુ લાખથી વધુની રકમની છેતરપિંડી કરી. રોનકે સરકારી નોકરીના ફોર્મ ભરવા આવેલા સંજયભાઈને વિશ્વાસમાં લઈ જમીન વેચી અને લોન અપાવી રોકાણ કરાવ્યું. બાદમાં વ્યાજ આપવાનું બંધ કરી અન્યને પણ છેતર્યા હતા. બોડકદેવ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી અનુસાર અમદાવાદના સોલામાં આવેલા શુકન કોમ્પ્લેક્સમાં ઓફિસ શરૂ કરીને રોનક શાહ નામના ગઠિયાએ દુબઈ સહિતના અન્ય દેશોમાં રોકાણની સામે ચા વળતરની લાલચ આપીને નેવુ લાખ ઉપરાંતની




રકમની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ બોડકદેવ પોલીસ મથકે નોંધવામાં આવતાં તપાસ શરૂ કરવામાં આવી છે.

પોલીસ સુત્રોએ કહ્યું કે સોલામાં આવેલા હરિદર્શન એપાર્ટમેન્ટમાં રહેતા સંજયભાઈ બાવળવા ખાનગી હોસ્પિટલમાં એમ્બ્યુલન્સના ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. થોડા વર્ષો પહેલાં તેઓ સોલા શુકન મોલમાં આવેલા સાયબર કાફેમાં સરકારી નોકરીનું ફોર્મ ભરવા માટે ગયા હતા. ત્યારે કાફેના સંચાલક રોનક શાહે સંજયભાઈને જણાવ્યું હતું કે તે દુબઈ અને અન્ય દેશોમાં રોકાણ કરાવીને સારું વળતર અપાવે છે. જેથી સંજયભાઈએ વિશ્વાસ કરીને પહેલાં ૫ લાખ રૂપિયા આપ્યા હતા, જેની સામે તે દર મહિને પચ્ચીસ હજારનું વળતર આપતો હતો.

શરૂઆતમાં વળતર મળતા વિશ્વાસ વધવાથી સંજયભાઈએ પોતાની જમીન વેચીને અઠ્ઠાવીસ લાખ રૂપિયા આપ્યા હતા, જે ૨૨ મહિનામાં બમણા કરીને પરત કરવાની રોનક શાહે ખાતરી આપી હતી. આ ઉપરાંત, તેણે સંજયભાઈ પાસે વિવિધ ફોન એપ્લિકેશન દ્વારા લોન લેવડાવીને પણ રોકાણ કરાવ્યું હતું. ત્યારબાદ તેણે વ્યાજ બેંક એકાઉન્ટમાં જમા કરાવવાનું બંધ કરી દીધું હતું. જેથી તપાસ કરતા જાણવા મળ્યું કે રોનક શાહે અન્ય લોકો પાસેથી પણ લાખો રૂપિયા મેળવીને છેતરપિંડી આચરી હતી.

આ ઉપરાંત તેણે સંજયભાઈ તેમજ અન્ય લોકોના આઈડી કાર્ડ મેળવી તેના આધારે બેંક એકાઉન્ટ ખોલાવ્યા હતા અને તેમાં મોટા -માણમાં નાણાંની ગેરકાયદે હેરફેર કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અન્ય એક કિસ્સામાં વડોદરામાં ભુવાનો વેશ ધારણ કરી નિર્દોષ નાગરિકોને વિધિના બહાને ભોળવી સોનાના દાગીના પડાવી રફુચક્કર થઈ ગયેલા એક રીઢા આરોપીને વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. અમદાવાદના પિપળેજ વિસ્તારમાં રહેતા આ ઠગ પાસેથી ગુનામાં વપરાયેલી એક્ટિવા અને સોનાની ચેઈન સહિત કુલ બે લાખ તેત્રીસ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વડોદરાના ફતેગંજ અને પાણીગેટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઠગાઈના બે મોટા ગુનાઓનો ભેદ ઉકેલાઇ ગયો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમો પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન પી.એસ. આઈ. બી.એસ.વાળાની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે, રાજમહેલ રોડ પર નવલખી ગ્રાઉન્ડ મહાદેવજીના મંદિર પાસેથી એક શંકાસ્પદ ઈસમને અટકાવવામાં આવ્યો હતો. ગળામાં કેસરી ગમચો પહેરીને નંબર પ્લેટ વગરની એક્ટિવા પર જઈ રહેલા આ શખ્સની તલાશી લેતા તેના ખિસ્સામાંથી સોનાની ચેઈન મળી આવી હતી.

વધુ માહિતી અનુસાર પોલીસની સઘન પૂછપરછમાં આરોપીએ ચોંકાવનારી કબૂલાત કરી હતી. તેણે જણાવ્યું કે, તે અને તેનો સાગરીત અઢી મહિના પહેલા વડોદરા આવ્યા હતા અને પાણીગેટ આયુર્વેદિક ત્રણ રસ્તા પાસે એક નાગરિકને ભુવા તરીકે ઓળખ આપી, વિધિ કરવાના બહાને સોનાની વીંટી પડાવી લીધી હતી. આ ઉપરાંત, ૧૫ દિવસ પહેલા જુના છાણી રોડ મહાકાળી મંદિર પાસે પણ આવી જ રીતે એક વ્યક્તિને વાતોમાં ભોળવી તેની સોનાની ચેઈન કઢાવીને ઠગાઈ આચરી હતી. મુકેશનાથ ઉર્ફે મુગડો નટવરનાથ મદારી ગુજરાતના જુદા-જુદા શહેરોમાં ઠગાઈ અને ચોરીના ગુનાઓમાં પકડાઈ ચુક્યો હોઇ વધુ ગુના ઉકેલાવાની શક્યતા છે.

# જાહેરમાં જૂગટુ રમતાં પાંચ અને વ્હીસ્કીના ચપલા સાથે ચાર પકડાયા

## એ-ડિવીઝન, બી-ડિવીઝન, ભક્તિનગર પોલીસની અલગ અલગ દરોડા

રાજકોટ, તા. ૧૩

પોલીસે દારૂ-જૂગારના દરોડા યથાવત રાખ્યા હતાં. ગરેડીયા કુવા રોડ પર ગ્રીન લોજ પાસે જાહરેમાં જૂગાર રમતાં પાંચ શખ્સોને એ-ડિવીઝન પોલીસે પકડી લીધા હતાં. તેમજ દારૂના દરોડાઓમાં એ-ડિવીઝન, બી-ડિવીઝન, ભક્તિ નગર પોલીસે ચાર શખ્સોને વ્હીસ્કીના ચપલા અને બોટલ સાથે જુદા જુદા સ્થળેથી પકડી લઇ કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસ પેટ્રોલીંગમાં હતી ત્યારે માહિતી પરથી દરોડો પાડી જાહેરમાં તિનપત્તી રમી રહેલા અબ્દુલહમીદ હુસેનભાઇ સિપાહી (રહે. કિસ્મતનગર, રૈયા ચોકડી), કાંતિ પાંચાભાઇ પેઢડીયા (રહે. ગાંધીગ્રામ શેરી નં. ૪ એસકે ચોક), રજનીકાંત મગનભાઇ મેજડીયા (રહે. આશાપુરાનગર-૧૦, કોઠારીયા રોડ), મુરગર ભવાનીગર ગોસ્વામી (રહે. રઘુવીરપરા-૮) અને ફકીરા હાસમભાઇ ચૌહાણ (રહે. કૃષ્ણપરા-૧ ખાટકીવાસ)ને હેડકોન્સ. લલીતભાઇ વાઘેલા, કોન્સ. પ્રકાશભાઇ સોલંકી સહિતે પકડી લઇ રૂા. ૫૨૦૦ અને ગંજીપાના કબ્જે લીધા હતાં.

બીજી તરફ દારૂની હેરાફેરીમાં ચપલા-બોટલ સાથે ચારને પકડી લેવાયા હતાં.દુધ સાગર રોડ પર રિધ્ધી સિધ્ધી સોસાયટી-૧૫/૧૮ના ખુણે રહેતાં અંકિત વસંતભાઇ ભલાને ભૂપેન્દ્ર રોડ બાલાજી મંદિર સામે સીટી સેન્ટર કોમ્પલેક્ષની પાછળની શેરીમાંથી એ-ડિવીઝનના કલ્પેશભાઇ બોરીચા, તેજસભાઇ ડેર સહિતે રૂા. ૨૪૦૦ની કિંમતના વિદેશી દારૂના ૧૮૦ એમએલના ૧૨ ચપલા સાથે પકડી લેવાયો હતો. તેમજ ગ્રીનલેન્ડ ચોકડી



પાસે જાહેર શૌચાલય નજીકથી રાહુલ ભરતભાઇ મકવાણા (રહે. મોરબી રોડ જકાતનાકા પાસે ૨૫ વારીયા)ને રૂા. ૬૦૦ના દારૂના બે ચપલા સાથે બી-ડિવીઝનના કે. એન. ચાવડા, જગમાલભાઇ જાદવે પકડી લીધો હતો.

આ ઉપરાંત આનંદનગર ક્વાર્ટર આનંદેશ્વર મહાદેવ પાસેથી પિયુષ ચીમનભાઇ રાઠોડ (રહે. આનંદનગર બ્લોક નં. ૪)ને રૂા. ૧૨૦૦ના વ્હીસ્કીના ૪ ચપલા સાથે ભક્તિનગરના મયુરદાન, રવિભાઇ સહિતે પકડયો હતો. તેમજ ઢેબર રોડ ભુતખાના ચોક પાસે ભરાત પેટ્રોલ પંપ સામેથી મિતેશ ઉમેશભાઇ પરમાર (રહે. આનંદનગર બાપા સિતારામ ચોક, બ્લોક નં. ૫)ને રૂા. ૧૭૦૦ની બ્લેકડોગ સ્કોચની બોટલ સાથે પકડી લઇ જીજે૦૩એલએસ-૪૨૪૩ નંબરનું ટુવ્હીલર પર કબ્જે કરાયું છે. હેડકોનસ. રમેશભાઇ માલકીયા, કોન્સ. યુવરાજસિંહ જાદવે આ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વધુ એક નવતર કિમીયાનો સફળ ઉપયોગ કરી આચરી લેવાઇ મોટી ઠગાઇ

# ચાર કરોડની લોનના નામે પોણા અઢાર લાખનો ડામ

## વેપારીને વિદેશની બિઝનેસ લોનના નામે જાળમાં ફસાવાયાઃ બીજા કિસ્સામાં એક લાખ સામે બાર લાખ વસુલ્યા ને છેતરીને જમીનના બાનાખત પણ કરાવી લેવાયા

રાજકોટ, તા. ૧૩

જે લોકોને ગામને છેતરવા જ છે તે કોઇપણ ભોગે તેનો શિકાર કરી લેતાં હોય છે. કોઇપણ નુસ્ખો અજમાવી લઇ તેઓ સામેના પાત્રને જાળમાં ફસાવી લઇ રોકડા કરી લેતાં હોય છે. વધુ એક વખત લોનના નામે લાખોની ઠગાઇ થઇ છે.

આ વખતે ગઠીયાએ વિદેશની બેંકમાંથી બિઝનેસ લોન અપાવી દેવાના નામે એક વેપારીને આબાદ છેતરી લઇ તેના સત્તર લાખ એકોતેર હજાર પડાવી લીધા હતાં. દેશની રાજ્યની બેંકોમાંથી લોન અપાવવાના નામે કે ઓનલાઇન લોન અપાવી દેવાના નામે ઠગાઇ તો થતી જ હતી હવે વિદેશમાંથી લોનના નામે આ નવતર કિસ્સો સામે આવ્યો છે.

વિગતો પર નરજ કરીએ તો વડોદરાના વેપારી આદિત્ય પારેખ સાથે યુએસક બેન્કમાંથી ૪ કરોડની લોન અપાવવાના બહાને ૧૭.૭૧ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ જતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. રાકેશ ઠાકોર નામના વ્યક્તિએ લિોન અપાવવાનું કહી દસ્તાવેજો લીધા હતા. પણ તપાસ કરતા આવી કોઈ બેન્ક ન હોવાનું સામે આવ્યું અને રાકેશે આપેલા ચેક પણ બાઉન્સ થયા. આથી, ગોરવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર વડોદરાના એક વેપારીને યુએસની બેન્કમાંથી બિઝનેસ લોન અપાવવાના નામે લાખોની ઠગાઇ આચરવામાં આવી હોવાનો કિસ્સો બનતાં ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ થઇ હતી. ગોત્રીની મધુવન વાટિકામાં રહેતા અને ઇલોરાપાર્કમાં શ્રીજી આસ્થા એવન્યૂમાં ઓફિસ ધરાવી સ્ટીલનો ધંધો કરતા વેપારી આદિત્ય પારેખે પોલીસને કહ્યુ હતું કે,અગાઉ ધંધા માટે મેં લોન લીધી હોવાથી લોન અપાવનાર રાકેશ




જગદીશચંદ્ર ઠાકોર મારી ઓફિસે બોલાવી ધંધાની -ગતિ માટે ફરી લોન લેવા માટે વાત કરી હતી.

ત્યારબાદ રાકેશે યુએસના ટેક્સાસ ખાતેની એસડી ટીબી બેન્કમાંથી રૂપિયા ચાર કરોડની લોન અપાવવાની તૈયારી બતાવી ચેકલિસ્ટ માગતા તે મુજબના દસ્તાવેજો આપ્યા હતા.રાકેશે આ પેટે કુલ રૂીપયા ૧૭.૭૧લાખ લીધા હતા અને છ થી આઠ મહિનામાં લોન મળી જશે તેવી ખાતરી આપી હતી.

વેપારીએ કહ્યું છે કે,ત્યારબાદ મારી બેન્કના ખાતામાં લોનની રકમ નહિ આવતાં તપાસ કરી તો આવી કોઇ બેન્ક નહિ હોવાનું જાણવા મળ્યું હતું.જેથી મેં રાકેશને વાત કરતાં તેણે ચેક આપ્યા હતા.

પરંતુ આ ચેક બાઉન્સ થયા હતા. ત્યારપછી પણ તેણે વાયદા કર્યા હતા અને રૃપિયા આપ્યા નથી.જેથી ગોરવા પોલીસે ગુનો નોંધ્યો હતો.

બીજી એક ગુનાખોરીની ઘટના જોઇએ તો અમરેલીના ધારીમાં એક વ્યક્તિએ ૧ લાખ ઉછીના લઈ ૧૨ લાખ વસૂલ કરાયા અને જમીનના બાનાખત પણ કરાવી લીધા હોવાની ફરિયાદ ધરી પોલીસમાં નોંધાવવામાં આવી છે.

વ્યાજખોરી, છેતરપિંડી, જાતિ આધારિત અપમાન અને ધમકીના ગંભીર આક્ષેપો સાથે ગુનો દાખલ થયો હતો. ધારી ખાતે રહેતા રાજેશભાઈ જેઠાભાઈ ગોહીલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પિતાને કેન્સરની સારવાર માટે નાણાંની જરૂરિયાત ઉભી થતાં રાકેશ ધીરૂભાઈ હડીયાએ કોઈ લાયસન્સ વિના પાંચ ટકા માસિક વ્યાજે રૂપિયા એક લાખની રકમ ઉછીની આપી હતી. આ રકમના બદલામાં રાજેશભાઈની વડીલોપાર્જિત જમીનનો કબ્જા સાથેનો બાનાખત કરાવી લેવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

ત્યારબાદ શખ્સે ત્રણ મહિનામાં રૂપિયા ૧૫ હજાર જેટલું વ્યાજ પણ વસૂલ્યું હતું. ત્યારબાદ ફરીથી રૂપિયા ૪ લાખ આપવાની લાલચ આપી જમીનનો વધુ એક કબ્જા સાથેનો બાનાખત કરાવ્યો, પરંતુ નક્કી કરેલી રકમ ન આપતાં રાકેશ હડિયાએ પૈસાની માંગણી કરી હતી.

આ દરમિયાન શખ્સે રાજેશભાઈ તથા તેમના પરિવારજનોને જાહેરમાં તેમની જાતિ અંગે અપમાનજનક શબ્દો કહી ગાળો આપી હતી તેમજ મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં બાનાખત રદ કરાવવા માટે પણ આ શખ્સે અંદાજે રૂપિયા ૧૨ લાખ જેટલી રકમ વસૂલ કરી હોવાનું જણાવ્યું છે.

આ અંગે ધારી પોલીસે ફરિયાદના આધારે રાકેશ ધીરુભાઈ હડિયા વિરૂધ્ધ વ્યાજખોરી, છેતરપિંડી, ધમકી સહિતની કલમો હેઠળ કાર્યવાહી થઇ હતી.

### અચાનક ખતમ થઇ ગઇ જિંદગીની સફરઃ પાંચ પરિવારોએ ગુમાવ્યા સ્વજન

# ક્રેઈન પરથી પટકાયેલા ૩૨ વર્ષના યુવાનનું મોત

## બીજી ઘટનામાં નોકરી પુરી કરી ઘરે પહોંચે એ પહેલા યુવાનનું વાહન અકસ્માતમાં મૃત્યુઃ ત્રણ બનાવમાં યુવાન, પ્રૌઢ, વૃધ્ધને દિલ દગો દઇ જતાં જિંદગી ખતમ થઇ

રાજકોટ, તા. ૧૩

રોજબરોજ કોઇને કોઇ પરિવારો પોતાના સ્વજનોને કાયમને માટે ગુમાવી દેતાં હોય છે. કોઇ આત્મહત્યા કરતું હોય છે તો કોઇ આકસ્મિક દુર્ઘટનાનો ભોગ બનતું હોય છે. તો કોઇને વળી તેના દિલ દગો દઇ જતાં હોય છે. આવી વધુ પાંચ ઘટના બની છે. જેમાં એક યુવાનનું સ્ટ્રીટ લાઇટના કામ વખતે ક્રેઇન પરથી પટકાતાં મોત થયું હતું. બીજી ઘટનામાં નોકરી પુરી કરી ઘરે જઇ રહેલા સિક્યુરીટી ગાર્ડને વાહન અકસ્માતની ઘાત નડી હતી. અન્ય ત્રણ બનાવમાં યુવાન, પ્રૌઢ, વૃધ્ધના દિલની ધડકન બંધ પડી જવાને કારણે મૃત્યુ થયા હતાં.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વંથલી નજીક દ્વારકાધીશ હોટલ પાસે બ્રીજ નજીક સ્ટ્રીટ લાઇટનું કામ કરતી વખતે ક્રેઇન પરથી પડી જતાં હાલ સુરત રહેતાં મુળ દાહોદના યુવાનનું ગંભીર ઇજા થતાં મૃત્યુ છે. સારવાર માટે આ યુવાનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત થઇ ગયું હતું. સુરતના રામનગર અડાલજમાં રહેતો સોહિલભાઇ શંકરભાઇ માલીવાડ નામનો બત્રીસ વર્ષનો યુવાન દસમી તારીખે સવારે નવેક વાગ્યે વંથલી માણાવદર રોડ પર બ્રીજ નજીક આવેલી દ્વારકાધીશ હોટેલ પાસે ક્રેઇન પર ચડીને સ્ટ્રીટ લાઇટનું કામ કરતો હતો.

આ વખતે અકસ્માતે પડી જતાં ગંભીર ઇજા થતાં જુનાગઢ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે વંથલી પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર સોહિલભાઇ મુળ દાહોદનો વતની હતો. હાલ સુરત રહેતો હતો. તે લાઇટના કામ રાખતો હોઇ વંથલી ખાતે સ્ટ્રીટ લાઇટનું કામ કરવા આવ્યો ત્યારે આ બનાવ બન્યો હતો. તે ત્રણ ભાઇમાં વચેટ હતો. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. બે સંતાને પિતાનું છત્ર ગુમાવતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી



અન્ય એક ઘટનામાં નાના મવા રોડ પર સ્પીડવેલ ચોકમાં બંધ ઉભેલા ટેમ્પો પાછળ બાઇક અથડાઇ જતાં બાઇકના ચાલક આંબેડકરનગરમાં રહેતાં યુવાનને ગંભીર ઇજા થતાં મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. સાથે બેઠેલા તેના દસ વર્ષના દિકરાને પણ ઇજા પહોંચી હતી. સિક્યુરીટી ગાર્ડની નોકરી પુરી કરી ઘરે આવતી વખતે આ બનાવ બન્યો હતો. નાના મવા રોડ આંબેડકરનગરમાં રહેતાં તેતાલીસ વર્ષના યુવાન વશરામભાઇ પુંજાભાઇ પરમાર પોતાનું હોન્ડા મોટરસાઇકલ હંકારી સ્પીડવેલ ચોક નજીક હવેલી ચોકથી પોતાના ઘરે જતાં હતાં ત્યારે અચાનક ચક્કર આવતાં કે પછી કોઇપણ કારણોસર ધ્યાન ન રહેતાં તેમનું બાઇક આગળ બંધ ઉભેલા ટેમ્પો પાછળ અથડાઇ ગયુ હતું.

આ અકસ્માતને કારણે વશરામભાઇ અને સાથે બાઇકમાં બેઠેલો તેમનો પુત્ર રાજવીર કે જે દસ વર્ષનો છે તે પણ રોડ પર ફેંકાઇ ગયા હતાં. રાજવીરને ગોઠણમાં ઇજા સાથે બચાવ થયો હતો. જ્યારે પિતા વશરામભાઇને ગંભીર ઇજા થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટુંકી સારવાર બાદ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં તાલુકા પોલીસે કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. વધુ માહિતી મુજબ મૃત્યુ પામનાર વશરામભાઇ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં અને પરિવારનો આધારસ્તંભ હતાં. તેઓ સિક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતાં હતાં. નોકરી પુરી કરી ઘરે આવતી વખતે આ બનાવ બન્યો હતો. સંતાનમાં દસ અને ચાર વર્ષના બે દિકરા છે જેણે પિતાની છત્રછાંયા ગુમાવી દીધી હતી.

અન્ય ત્રણ ઘટનામાં દિલ દગો દઇ ગયા હતાં. રાજકોટના લોઠડા ગામમાં આવેલી એબીસી પ્લાસ્ટીક ફેક્ટરી પાસે ક્વાર્ટરમાં રહેતો અને અહિ જ કામ કરતો મુળ એમપીના ચાલીસ વર્ષના વંશરાજભાઇ લાલજીભાઇ બીંદ નામના યુવાન સાંજે સાડા આઠેક વાગ્યે એકાએક બેભાન થઇ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તે મુળ એમપીનો વતની હતો. સંતાનમાં બે દિકરા અને બે દિકરી છે. એકાદ મહિનાથી અહિ કામ કરવા આવ્યો હતો. હૃદય રોગનો હુમલો આવી ગયાનું જણાવાયું હતું. જ્યારે બીજા બનાવમાં ગાંધીગ્રામ સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ હરસિધ્ધી સોસાયટીમાં રહેતાં વિનેશભાઇ કાંતિલાલ ડોડીયા નામના પચાસ વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતા. તે બે ભાઇ અને બે બહેનમાં મોટા હતાં. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. ત્રણેય બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ અને યુનિવર્સિટી પોલીસને જાણ કરતાં જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. ત્રીજી ઘટનામાં ભંગડા ગામે રહેતાં માણસુરભાઇ પુનાભાઇ પરમાર નામના બ્યાંસી વર્ષના વૃધ્ધ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર બે બહેન ચાર ભાઇમાં મોટા હતાં અને નિવૃત જીવન જીવતાં હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. હૃદય રોગનો હુમલો આવી ગયાનું સગાએ કહ્યું હતું. આમ પાંચ લોકોએ અલગ અલગ કારણોસર સિવિલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લેતાં પોલીસે કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહો તેમના સ્વજનોને સોંપ્યા હતાં.

### જ્યાં ખાય ત્યાં જ થુંકે એવા ઘણા હોયઃ વધુ એક નવો કિસ્સો આવ્યો સામે

# ખોટુ ચલણ બનાવી મેનેજરે ચોર્યો ૨૩ લાખનો માલ

## ગણતરીમાં ભાંડો ફુટતાં એફઆઇઆરઃ બીજી ઘટનામાં વૃધ્ધાને ઇન્સ્યોરન્સ અધિકારીની ઓળખ આપી પાંચ લાખ કટકટાવી લેવાયા

રાજકોટ, તા. ૧૩

અમુક કર્મચારીઓ એવા હોય છે જેઓ પોતે જ્યાંથી રોટલો રળતા હોય છે ત્યાં જ ખોટુ કરી લાખોની ઉચાપત કે ચોરી કરી લેતાં હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક ફેક્ટરીના મેનેજર જોબવર્કનું બારોબાર ખોટુ ચલણ બનાવી ત્રેવીસ લાખનો સામાન ચોરી કરી લીધો હતો. બીજી એક ઘટનામાં ઇન્સ્યોરન્સ કંપનીના અધિકારીની ઓળખ આપી વૃધ્ધાના પાંચ લાખ ખાઇ જવાયા હતાં.




પ્રથમ ફ્રોડ પર નજર કરીએ તો વસ્ત્રાપુરમાં રહેતા આશુતોષ અગ્રવાલ નરોડા જીઆઇડીસીમાં કંપની ધરાવી પેપર અને પ્લાસ્ટીકની બેગ બનાવવાનું કામ કરે છે. તેમની કંપનીમાં ફેક્ટરી મેનેજર તરીકે નાના ચિલોડાના રાજેન્દ્રસિંગ ખેડરને નોકરી ચાર વર્ષથી નોકરી કરે છે. તાજેતરમાં એક યુવકે કુરિયરમાં આશુતોષભાઇને પેનડ્રાઇવ મોકલી હતી. તેમાં કંપનીમાં માલસામાનની ચોરી થતી હોવાનું જોવા મળ્યુ હતુ. જેથી તપાસ કરતા ચાર અલગ અલગ કંપનીમાંથી મંગાવેલ કુલ રૂ.૨૨.૯૪ લાખનો પેપર અને પ્લાસ્ટીકનો માલસામાન રાજેન્દ્રસિંગે બારોબાર અન્ય કંપનીઓને વેચી નાખ્યો હોવાનું સામે આવ્યુ હતુ. ઉપરાંત ફેકટરીમાં રાખેલા જોબવર્કનું ચલણ પણ ખોટી રીતે બનાવ્યુ હતુ. જે બાદ રાજેન્દ્રસિંગે નોકરી પર આવાનું બંધ કરી દીધુ હતુ. ત્યારબાદ આ અંગે આશુતોષે ફેક્ટરી મેનેજર સામે નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે વધુ તપાસ શરૂ કરી હતી.

બીજી તરફ ઠગાઇની ઘટના જોઇએ તો વડોદરાના ન્યૂ સમા વિસ્તારમાં રહેતાં નિવૃત્ત સુપ્રિટેન્ડન્ટ સાથે મેક્સ લાઈફ ઇન્શ્યોરન્સ પોલિસી બંધ કરાવી રૂપિયા પરત અપાવવાના બહાને સાયબર ઠગોએ રૂ.૪.૯૯ લાખથી વધુની રકમ પડાવી છેતરપિંડી આચરી હતી. ઠગોએ પોતાને ઇન્શ્યોરન્સ કંપનીના અધિકારી તરીકે ઓળખાવી વિશ્વાસમાં લઈને તબક્કાવાર અલગ-અલગ બેંક ખાતાઓમાં રકમ ટ્રાન્સફર કરાવી હતી. નિવૃત્ત મહિલાએ ઠગ વિરુધ્ધ ફરિયાદ કરી હતી. ન્યૂ સમા વિસ્તારમા આવેલી રૂદ્રાક્ષ રેસિડેન્સીમાં રહતાં અને ઈલેક્ટ્રોનિક્સ એન્ડ મિકેનિકલ એન્જિનિયરિંગ આર્મી, ફતેગંજમાંથી સુપરિન્ટેન્ડન્ટ તરીકે નિવૃત્ત થયેલા લતા રવિન્દ્ર દાવડકરે નોધાવેલી ફરિયાદ મુજબ તેમને એક અજાણ્યા મોબાઇલ નંબર પરથી ફોન આવ્યો હતો. કોલ કરનારે પોતાનું નામ વિશાલ શર્મા જણાવી મેક્સ લાઈફ ઇન્શ્યોરન્સ પોલિસી પર બોનસ ક્લેમ થયાનું કહી અન્ય નંબર પર સંપર્ક કરવા જણાવ્યું હતું.

ત્યારબાદ બીજા વ્યક્તિએ પોલિસી બંધ કરાવવા માટે આધાર કાર્ડ, પાન કાર્ડ, બ્લેન્ક ચેક અને ઓટીપી માગી લીધો હતો. દસ્તાવેજો મેળવ્યા બાદ ઠગોએ પોલિસી ક્લોઝ કરવાની પ્રક્રિયાના નામે અલગ-અલગ બેંક ખાતાઓમાં રકમ જમા કરાવવાનું શરૂ કરાવ્યુ હતુ. શરૂઆતમાં રૂપિયા બાવન હજારની માંગણી કરવામાં આવી હતી અને ત્યારબાદ વિવિધ હપ્તામાં રૂપિયા ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. આ દરમિયાન મહિલાએ પોતાની એફડી તોડાવી રૂ.૧.૨૦ લાખ તેમજ બાદમાં વધુ એક એફડી તોડીને રૂ.૨.૯૫ લાખ પણ એનઈએફટી મારફતે ઠગોએ આપેલા ખાતામાં જમા કરાવ્યા હતા.

દરેક ચુકવણી બાદ મેક્સ લાઈફ ઇન્શ્યોરન્સના નામે નકલી રસીદો વોટ્સએપ પર મોકલી જાળમાં ફસાવવામા આવ્યા હતા. બાદમાં ગીતા બેનરજી નામની મહિલાએ ફોન કરી ફોર્મ અપલોડ કરવાના બહાને વધુ રૂપિયા માંગ્યા હતા. છેલ્લી ચુકવણી બાદ આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું અને મોબાઇલ નંબર પણ બંધ થઈ જતા મહિલાને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ તેમણે સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે અજાણ્યા શખ્સોએ વિશાલ શર્મા અને ગીતા બેનરજીના નામે ખોટી ઓળખ આપી રૂ.૪.૯૯ લાખ અલગ-અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરાવી મહિલા સાથે છેતરપિંડી આચરી હતી. સમા પોલીસે ફરિયાદના આધારે ઠગોનું પગેરૂ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

### શાંત શહેરમાં કોણ ક્યારે શું કામ ગરમી પકડી જાય તે કહેવું અઘરૂઃ જાહેરમાં બાકાઝીકી

# બીજી વાર સામે મળીશ તો મારી નાંખશું!

## રવિરત્ન પાર્કમાં ટુવ્હીલર-કાર સામ સામે આવી જતાં ત્રણ શખ્સોએ યુવાનને ધોકાવી ખૂનની ધમકી

રાજકોટ, તા. ૧૩

શાંત શહેર ગણાતાં રાજકોટ શહેરમાં ગમે ત્યારે ગમે તે લોકો ગમે તે કારણોસર સરાજાહેર બાખડી પડે છે અને હાથમાં આવે એ હથીયારથી હુમલો કરી દે છે. આવી ઘટનાઓ વારંવાર બનતી રહે છે. આ વચ્ચે એક ટ્રાફિક વોર્ડન યુવાન કે જે સાઇડમાં પરદા ફીટીંગનું કામ પણ કરે છે તે પરદાના કામ માટે જતો હતો ત્યારે રવિરત્ન પાર્કમાં તેના ટુવ્હીલર સામે અચાનક કાર આવી જતાં આ યુવાને પોતાનું વાહન ઉભુ રાખી દઇ કારવાળાની સામે જોતાં કારચાલક સહિતના ત્રણ જણાએ સામુ શું જોવે છે, નજીક આવ કહીને હાથના કડા, ધોકાથી માર મારી તેને લોહીલુહણ કરી નાંખ્યો હતો અને બીજી વાર ભેગો થતો નહિ નહિતર મારી નાંખીશ તેવી ધમકી આપતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.વિગતો પર નજર કરીએ તો શહેરમાં વાહન સામે આવી જવા બાબતે કે અડી જવા મામલે માથાકુટની ઘટના વારંવાર બને છે. દરમિયાન રવિરત્ન પાર્ક પાસે બાઇક હંકારીને પરદા ફીટ કરવાના કામ માટે જઇ રહેલા યુવાને અચાનક એક કાર સામેથી આવી જતાં પોતાના બાઇકને બ્રેક મારી દેતાં કારમાં બેઠેલા ત્રણ શખ્સોએ સામુ શું જોવે છે? કહી હાથમાં પહરેલા કડા, ધોકાથી અને ઢીકાપાટુનો માર મારી મારી નાંખવાની ધમકી આપતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે ભોમેશ્વર પ્લોટ સાધના એપાર્ટમેન્ટમાં પહેલા માળે રહેતાં અને બે મહિનાથી ટ્રાફિક બ્રિગેડમાં નોકરી કરવાની સાથે સાથે છુટક પરદા ફિટીંગનું કામ પણ કરતાં પચ્ચીસવર્ષના સમીર સલિમભાઇ જુણેજાની ફરિયાદ પરથી ક્રીમ કલરનું ટીશર્ટ પહેરેલા શખ્સ, કાળા કલરનો શર્ટ પહેરેલા શખ્સ અને સફેદ શર્ટવાળા શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો. વધુ માહિતી અનુસાર સમીર જુણેજા માતા-પિતા સાથે ભોમેશ્વરમાં બે મહિનાથી ભાડેથી રહે છે. ફરિયાદમાં જણાવાયા મુજબ રવિવારે ૧૨મી તારીખે સાંજે ચારેક વાગ્યે સમીર પોતાના મોટરસાયકલ પર બેસી શેઠ હિતેશભાઈ ચાવડા કે જેઓ પટેલ કન્યા છત્રાલય પાસે, નીલકંઠનગર, ગોપાલ ચોક ખાતે રહે છે તેને ત્યાં બારીના પડદા ફિટ કરવા માટે જઈ રહ્યો હતો. આ વખતે તે રવિરત્ન પાર્ક શેરી નં. ૫ પાસેથી પસાર થતો હતો ત્યારે અંદરની શેરીમાંથી એક વાદળી કલરની સુઝુકી કંપનીની ફ્રોન્ક્સ કાર જીજે૦૩એનકે-૪૦૪૫ પુરપાટ ઝડપે ધસી આવી હતી. આ વખતે અકસ્માતથી બચવા સમીરે અચાનક બ્રેક મારવી પડી હતી. આ વખતે કારચાલકે પોતાની ગાડી ભી રાખી સમીરને સામુ શું જોવે છે? આ બાજુ કાર પાસે આવ તેમ કહ્યું હતું. સમીર કાર પાસે પહોંચતા જ આગળની સીટમાંથી બે શખ્સો નીચે ઉતર્યા હતા. જેમાંથી ક્રીમ કલરનું ટી-શર્ટ પહેરેલા શખ્સે અને સફેદ શખ્સે તને કંઈ હવા છે તે તારું મોટરસાયકલ અહીં કેમ ઉભું રાખ્યુ? કહી પોતાના હાથમાં પહેરેલા લોખંડના કડા વડે સમીરને માથાના ભાગે ત્રણ-ચાર ઘા ઝીંકી દીધા હતા. તે દરમિયાન કારની પાછળની સીટમાંથી કાળું શર્ટ પહેરેલો ત્રીજો શખ્સ લાકડાનો ધોકો લઈને બહાર આવ્યો હતો. ત્યારબાદ ક્રીમ ટી-શર્ટવાળા શખ્સે તેના હાથમાંથી ધોકો આંચકી લઈ સમીરના ડાબા હાથના બાવળા પર, પીઠના ભાગે અને માથામાં ફટકારી દીધો હતો. જ્યારે કાળા શર્ટવાળા શખ્સે પણ ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. માર માર્યા બાદ સફેદ શર્ટ પહેરેલા શખ્સે સમીરનો મોબાઈલ નંબર માંગ્યો હતો અને ધમકી આપતા જણાવ્યું હતું કે-બીજી વાર ક્યાંય ભેગો ન થતો નહિતર જાનથી મારી નાખીશ અને તને ખોટા કેસમાં ફિટ કરાવી દઈશ. આ માથાકુટ કરી હુમલો કર્યા બાદ ત્રણેય શખ્સો પોતાની કારમાં ભાગી ગયા હતાં. બનાવ બાદ લોહીલુહાણ હાલતમાં સમીર થોડે આગળ ઉભેલા તેમના શેઠ હિતેશભાઈ પાસે પહોંચ્યા હતા અને સમગ્ર આપવીતી જણાવી મિત્રોને ફોન કર્યો હતો. મિત્રો અને સંબંધીઓ દોડી આવતા તેને સારવાર માટે ખસેડાયો હતો. યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના આસી સબ ઇન્સ. જે. આઇ. ઝાલાએ એફઆઇઆર દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

### સરકારી કોલેજના મહિલા પ્રોફેસર પર પતિ-સાસરિયાએ ગુજાર્યો સિતમઃ મેણાટોણા મારી સતત ત્રાસ

# બાપ-સંસ્કાર વગરની છો એટલે ભાગીને લગ્ન કર્યા!

## બિમારી દિકરીની સારવાર માટે રાજકોટ રહી જુનાગઢ અપડાઉન કરતાં મહિલા પ્રોફસેરને પતિ મેસેજ કરી મરી જવાની ધમકી આપતો હોવાના આક્ષેપોઃ મહિલા પોલીસમાં દાખલ થઇ FIR

રાજકોટ, તા. ૧૩

પરિણીતાઓ સાથે અમુક સાસરિયા અમાનુષી વર્તન કરી તેણીનું જીવતર બગાડી નાંખતા હોવાના કિસ્સા અવાર-નવાર પોલીસ ચોપડે ચડતાં હોય છે. આવો જ એક બનાવ સામે આવ્યો છે જેમાં જુનાગઢની સરકારી કોલેજમાં સહાયક અધ્યાપક તરીકે નોકરી કરતાં અને હાલ રાજકોટ દિકરી સાથે રહી નોકરીના સ્થળે અપડાઉન કરતાં મહિલા પ્રોફેસર જુનાગઢ રહેતાં પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠણણીના અમાનુષી ત્રાસનો ભોગ બનતાં નાછુટકે પોલીસ ફરિયાદનો સહારો લીધો હતો. સાસુ સતત એવા મેણા મારતાં કે તું નકરી ભણી છો, તારી માએ કંઇ શીખવ્યું નથી, બાપ વગરની છો એટલે સંસ્કાર નથી, તે ભાગીને લગ્ન કર્યા છે. જેઠ પણ કહેતો કે ભાભી કોલેજમાં હતી ત્યારે છોકરાઓ સાથે રખડતી. પોતે હાલ દિકરીની સારવાર માટે રાજકોટ રહેતી હોઇ પતિ સાથે રહેવા ન આવી મેસેજ કરી મરી જવાની ધમકીઓ આપી માનસિક રીતે હેરાન કરતો હોવાનું અને સસરા પણ બધાને સાથ આપતાં હોવાનું તેમજ જેઠાણી પણ મેણા મારતી હોવાનું એફઆઇઆરમાં જણાવાયું હતું.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં રાજકોટ મહિલા પોલીસ સ્ટેશન દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નજીક ગંગોત્રી પાર્ક મેઇન રોડ ઓપેક પ્રાઇમ બી-વિંગ ૫૦૩ ખાતે રહેતાં કૃતિબેન આશિષકુમાર કુંડારીયા નામના આડત્રીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી જુનાગઢ વૃજવાટીકા એપાર્ટમેન્ટ મોતીપેલેસ ટાઉનશીપ-૩૦૨, મધુરમ્ ખાતે રહેતાં પતિ આશિષભાઇ શાંતિલાલ કુંડારીયા, સાસુ કિરણબેન, સસરા શાંતિલાલ સવજીભાઇ કુંડારીયા, જેઠ કૃણાલભાઇ શાંતિલાલ કુંડારીયા અને જેઠાણી ડિમ્પલબેન કૃણાલભાઇ કુંડારીયા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. કૃતિબેનના પિતાનું નામ વજુભાઇ ગોરધનભાઇ દસાડીયા છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હાલ હું મારી પંદર વર્ષની દિકરી સાથે રાજકોટ ભાડેથી



રહુ છું અને જુનાગઢમાં ડો. સુભાષ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશન નામની કોલેજમાં અધ્યાપક સહાયક તરીકે સરકારી નોકરી કરુ છું. હું મારા પતિથી ૨૦૨૪થી અલગ રહુ છું.

તેમણે આગળ જણાવ્યું હતું કે મારા લગ્ન વર્ષ ૨૦૦૬માં મુળ ધોરાજીના વાડોદર ગામના આશિષ શાંતિલાલ કુંડારીયા સાથે થયા છે. અમારી વચ્ચે પ્રેમ હોઇ જેથી કોર્ટ મેરેજ કર્યા હતાં. એ પછી ૨૦૦૮માં જુનાગઢ ખાતે આર્યસમાજ વિધીથી લગ્ન કર્યા હતાં. લગ્ન જીવન દરમિયાન એક પુત્રી છે જે હાલ મારી સાથે રહે છે. લગ્ન બાદ અમે વાડોદરા ગામે સંયુક્ત પરિવારમાં રહેતાં હતાં. મારા પતિ તે વખતે પત્રાપસર ગામે ભાડેથી દુકાન રાખી સોની કામ કરતાં હતા. એ પછી વાડોદર ગામમાં આવી દુકાન ભાડેથી રાખી કામ ચાલુ કર્યુ હતું. કૃતિબેને ફરિયાદમાં આગળ જણાવ્યું છે કે અમારી સાથે વાડોદરમાં સંયુક્ત પરિવારમાં સસરા શાંતિલાલ, સાસુ કિરણબેન, જેઠ કૃણાલભાઇ પણ રહેતાં હતાં.

મારા લગ્ન થયા એ સમયે મારો કોલેજનો અભ્યાસ પુરો થયો હોઇ આગળ બી.એડનો અભ્યાસ કરવાનો હોઇ પતિ, સાસરિયા પણ આગળ અભ્યાસ માટે તૈયાર હોઇ લગ્નના બે માસ બાદ રાજકોટ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે અભયસ માટે એડમીશન લઇ રાજકોટમાંરહેતી હતી. કોલેજમાં રીડીંગ ટાઇમ અને રજા હોય ત્યારે સારીયામાં જતી હતી.આ પછી મારા જેઠ કૃણાલભાઇના લગ્ન થયા પછી જેઠાણી ડિમ્પલબેન પણ મારા વિરૂધ્ધ સાસુને ચઢામણી કરતાં અને મને આગળ નહિ ભણાવવા કહેતાં હતાં અને મને ઘરનું કામ આવડતું નથી તેમ કહી મેણા મારતાં હતાં. અમારે ઘરે એક હોલ અને રૂમ હોઇ જેઠ-જેઠાણી એક રૂમમાં સુઇ જતાં, હોલમાં સાસુ-સસરા સુતાં. હું રજામાં ઘરે આવુ ત્યારે પતિને મારા સાસુ-સસરા સાથે સુવુ પડતું. જેથી અમે જુનાગઢ મારા માતાના ઘરે સુવા જતાં હતાં. બે વર્ષ પછી હું પ્રેગનન્ટ થઇ પછી મારી તબિયત સારી રહેતી ન હોઇ છતાં પતિ, સાસરીયાવાળએ રાજકોટ પ્રાઇવેટ કોલેજમાં મારી પાસે સાત મહિના નોકરી કરાવી હતી. એ પછી ડિલીવરી માટે મારા મમ્મી જુનાગઢ લઇ ગયા હતાં. તયાં દિકરીનો જન્મ થયા પછી પતિ, સાસરિયા ખબર પુછવા પણ આવ્યા નહોતાં. બે મહિના બાદ હું દિકરીને લઇ સાસરે ગઇ હતી. પછી બે વર્ષ સુધી સાસરિયામાં અમે સાથે રહ્યા હતાં. બાદ વર્ષ ૨૦૧૩માં મને કંધેવાડી ગામમાં વિદ્યાસહાયક તરીકે નોકરી મળી હતી. પણ મારા પતિ કે ઘરના સભ્યો મારી સાથે રહેવા આવ્યા નહોતાં. બાદમાં મારી દિકરીને ચાર વર્ષની ઉમરે ટાઇપવન ડાયાબીટીશ લાગુ પડતાં પતિ, સાસરિયાવાળા વધુ દુઃખ આપવા માંડ્યા હતાં. તે કહેતાં કે નોકરીની બધી કમાણી તારી દિકરીની બિમારીમાં જતી રહશે. મેં ૨૦૧૭ સુધી કંધેવાડી ખાતે નોકરી કરી હતી. પછી ૨૦૧૯ સુધી ઉપલેટાના કોલકીમાં નોકી થઇ હતી. એ પછી અમે બધા ઉપલેટા સાથે રહેતાં હતાં. અહિ અવાર-નવાર પતિ મારકુટ કરતાં. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૨ સુધી રાજકોડ વડવાજડી નોકરી કરી હતી. ફરી મારી બદલી ઉપલેટા થઇ હતી. તે વખતે જેઠ-જેઠાણીએ એવી વાતો કરી હતી કે મારે રાજકોટમાં રખડવું છે એટલે ત્યાં બદલી કરાવી છે. એ પછી ફરી મારી રાજકોટ બદલી થઇ હતી. દિકરીની સારવાર પણ અહિ કરાવવવી હોઇ રાજકોટ શીફ્ટ થવાનું કહેતાં પતિ અઠવાડીએ એક વખત વાડોદરથી રાજકોટ આવતાં પણ કાયમી રહેવા આવ્યા નહોતાં. જેથી પતિ-પત્નિ વચ્ચે મનેમેળ રહેતો નહિ. શારીરિક સંબંધ બાબતે પણ ઝઘડા વધતા હતાં. બાદમાં ૨૦૨૨માં મને જુનાગઢ ડો. સુભાષ મહિલા કોલેજમાં અધ્યાપક સહાયકની નોકરી મળતાં હું છ મહિના જુનાગઢ મારા મમ્મીના ઘરે રહી હતી. પણ દિકરીની તબીયત બગડતાં ફરી રાજકોટ રહેવા આવી હતી. હાલ રાજકોટથી જુનાગઢ અપડાઉન કરુ છું. હું રાજકોટ આવી ત્યારથી પતિ-સાસરીયા કહેતાં કે દિકરીને ભણાવવી નથી અને તારે નોકરી કરવી નથી, તું જુનાગઢ આવતી રહે. મારા પતિ પોતે મરી જવાની ધમકીઓ આપતાં અને સોશિયલ મિડીયાથી મેસેજ મોકલી માનસિક હેરાન કરતાં હતા. આમ પતિ, સાસુ, સસરા, જેઠ, જેઠાણી બધા ગાળો દઇ મેણાટોણા મારી સતત હેરાન પરેશાન કરતાં હોઇ અંતે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં કૃતિબેને જણાવતાં એએસઆઇ દિલીપસિંહ જેસંગભાએ એફઆઇઆર દાખલ કરી વિશેષ તપાસ શરૂ કરી હતી.

### શિક્ષણ જગતમાં ભયંકર વિસ્ફોટ

# 'ડમી કોચિંગ'ના મસમોટા નેટવર્કનો પર્દાફાશ

## જસદણમાં આવેલી આલ્ફા સંકુલમાં માસૂમ બાળકીના શંકાસ્પદ અને કમકમાટીભર્યા મોત બાદ સમગ્ર રાજ્યના શિક્ષણ વિભાગમાં દોડધામ

રાજકોટ, તા. ૧૩

રાજકોટના જસદણમાં આવેલી આલ્ફા સંકુલ (હોસ્ટેલ/ટ્રેનિંગ સેન્ટર) માં એક માસૂમ બાળકીના શંકાસ્પદ અને કમકમાટીભર્યા મોત બાદ સમગ્ર રાજ્યના શિક્ષણ વિભાગમાં દોડધામ મચી ગઈ છે. આ ઘટનાને પગલે જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) દ્વારા આદરેલી તપાસના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, રાજ્યના ૩૧ શહેરોની વિવિધ શાળાઓમાં કુલ ૬૯૭ ડમી વિદ્યાર્થીઓ માત્ર કાગળ પર ભણી રહ્યા છે અને વાસ્તવમાં તેઓ મોટા કોચિંગ સેન્ટરોમાં સેટિંગના ભાગરૂપે અભ્યાસ કરે છે.



શિક્ષણ જગતમાં અત્યારે સૌથી વધુ ચર્ચાતો અને વાલીઓની ચિંતા વધારતો શબ્દ એટલે 'ડમી કોચિંગ' (અથવા ડમી સ્કૂલિંગ કલ્ચર). સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરવાની આંધળી દોડમાંથી જન્મેલું આ એક એવું ગેરકાયદેસર નેટવર્ક છે જે શિક્ષણ વ્યવસ્થાને અંદરથી ખોખલી કરી રહ્યું છે.

જ્યારે કોઈ વિદ્યાર્થી કોઈ માન્યતા પ્રાપ્ત શાળામાં માત્ર કાગળ પર એડમિશન લે છે, પરંતુ તે ક્યારેય ભણવા માટે એ શાળાએ જતો જ નથી. તેના બદલે, તે આખો દિવસ કોઈ મોટા ખાનગી કોચિંગ ક્લાસમાં બેસીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે. આ વ્યવસ્થામાં શાળા માત્ર વાર્ષિક પરીક્ષા લેવા કે બોર્ડનું ફોર્મ ભરવા પૂરતી જ મર્યાદિત રહે છે. આ આખી ગોઠવણને 'ડમી કોચિંગ' અથવા 'શેડો સ્કૂલિંગ' કહેવામાં આવે છે. ડમી કોચિંગ એ શિક્ષણનું વ્યાપારીકરણ દર્શાવે છે, જ્યાં વિદ્યાર્થી એક 'પ્રોડક્ટ' અને સ્કૂલ-કોચિંગ સેન્ટરો 'ફેક્ટરી' બની ગયા છે. જ્યાં સુધી દેશની પરીક્ષા પદ્ધતિમાં સુધારો નહીં થાય અને વાલીઓ ટકાવારીની આંધળી રેસમાંથી બહાર નહીં આવે, ત્યાં સુધી આવા ડમી નેટવર્કને જળમૂળમાંથી ઉખાડવું મુશ્કેલ રહેશે. જસદણની ઘટના એ આ ભયાનક સિસ્ટમ સામે લાલબત્તી સમાન છે. રાજકોટના જસદણમાં આવેલી આલ્ફા સંકુલની હોસ્ટેલમાં સારવારના અભાવે એક માસૂમ બાળકીના મોતે ગુજરાતની શિક્ષણ પ્રણાલીની પીઠ પાછળ ધબકતા એક ભયાનક અને ગેરકાયદેસર નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારીના તપાસ અહેવાલમાં રાજ્યના ૩૧ શહેરોની શાળાઓમાં ૬૯૭ ડમી વિદ્યાર્થીઓ પકડાવા એ તો માત્ર હિમશૈલની ટોચ છે. વાસ્તવિક આંકડો આના કરતાં દસ ગણો મોટો હોવાની આશંકા છે. શિક્ષણના નામે ચાલતી આ 'ડમી' વ્યવસ્થા શું છે, તે કેવી રીતે ઓપરેટ થાય છે અને તે કેમ વિદ્યાર્થીઓના ભવિષ્ય માટે ઝેર સમાન છે, તેનું આ રહ્યું કડવું સત્ય.

### જસદણની ઘટના જેણે આખા પાપનો ઘડો ફોડ્યો

જસદણની આલ્ફા નવોદય અને સૈનિક સ્કૂલ ટ્રેનિંગ સેન્ટરમાં ધોરણ-૫માં ભણતી ૧૦ વર્ષની બાળકી આયુષીનું રહસ્યમય સંજોગોમાં મોત નિપજ્યું હતું. બાળકી છેલ્લા ૧૧ થી ૧૫ દિવસથી અછબડા અને અસહ્ય તાવથી પીડાતી હોવા છતાં, હોસ્ટેલ સંચાલકોએ તેના માતા-પિતાને અંધારામાં રાખ્યા હતા. કડક નિયમોના બહાને વાલીઓને દીકરી સાથે વાત પણ કરવા દેવાતી નહોતી. અંતે સ્થિતિ હાથ બહાર જતાં સિવિલ હોસ્પિટલ ખસેડાઈ જ્યાં તેનું મોત થયું. પોલીસે બેદરકારી દાખવનાર સંચાલકો (જયસુખ સંખારવા અને હિરેન સંખારવા) વિરુદ્ધ સાપરાધ મનુષ્યવધ (BNS કલમ ૧૦૫) હેઠળ ગુનો નોંધી તેમની ધરપકડ કરી છે અને સંકુલને ૧ મહિના માટે તાળા મારી દેવાયા છે. શિક્ષણના વ્યાપારીકરણ અને વાલીઓની મજબૂરીનો ફાયદો ઉઠાવતા આવા તત્વો સામે આકરા પગલાં લેવા અનિવાર્ય બન્યા છે.

### વાલીઓમાં ફફડાટ અને આક્રોશ

બાળકીના મોત અને ડમી વિદ્યાર્થીઓના પર્દાફાશ બાદ સમગ્ર ગુજરાતમાં વાલીઓ પોતાના બાળકોની સુરક્ષાને લઈને ચિંતિત બન્યા છે. જસદણની ઘટના બાદ અનેક વાલીઓ ડરના માર્યા હોસ્ટેલમાંથી પોતાના બાળકોને પરત ઘરે લઈ ગયા છે. શિક્ષણના નામે ચાલતી આવી કસાઈખાના જેવી હોસ્ટેલો અને માત્ર પૈસા કમાવવા બેઠેલા ડમી કોચિંગ માફિયાઓ સામે કડકમાં કડક બુલડોઝર જેવી કાર્યવાહી થાય તેવી લોકમાંગ પ્રબળ બની છે.

### શિક્ષણ વિભાગ એક્શન મોડમાં

– **બાયોમેટ્રિક ઓડિટઃ–** હવે રાજ્યની તમામ ખાનગી અને રહેણાંક શાળાઓમાં અચાનક ચેકિંગ કરીને વિદ્યાર્થીઓની ફિઝિકલ હાજરી ચકાસવામાં આવશે.

– **માન્યતા રદ :–** ડમી વિદ્યાર્થીઓ રાખનારી શાળાઓની મંજૂરી કાયમી ધોરણ માટે રદ કરવાની કાયદાકીય પ્રક્રિયા શરૂ કરાશે.

– **આરોગ્ય તપાસ ફરજિયાત :–** હોસ્ટેલોમાં રહેતા બાળકોના હેલ્થ રિપોર્ટ સમયાંતરે સરકારને સબમિટ કરવા માટે નવી ગાઈડલાઈન જાહેર થઈ શકે છે.

### ટ્રેન્ડ કેમ શરૂ થયો?

આજકાલ ધોરણ ૧૧ અને ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ પર મોટું ભારણ હોય છે. તેમણે બોર્ડની પરીક્ષા પણ પાસ કરવાની હોય છે અને સાથે NEET (મેડિકલ માટે) કે JEE (એન્જિનિયરિંગ માટે) જેવી અઘરી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાઓ પણ ક્રેક કરવાની હોય છે.

– **સમય બચાવવાની લ્હાય :–** જો વિદ્યાર્થી રોજ ૬ કલાક શાળાએ જાય અને પછી ૪ કલાક કોચિંગમાં જાય, તો સેલ્ફ-સ્ટડી (જાતે ભણવાનો) સમય બચતો નથી.

– **સ્કૂલનું ભણતર ઓછું પડવું :–** વાલીઓને એવું લાગે છે કે નિયમિત શાળાઓમાં માત્ર બોર્ડ લેવલનું ભણાવાય છે, જે NEET/JEE પાસ કરવા માટે પૂરતું નથી. તેથી તેઓ બાળકને સીધો કોચિંગ ક્લાસના હવાલે કરી દે છે.

### મોડસ ઓપરેન્ડીઃ લાખો રૂપિયાનું પેકેજ અને કાગળ પરની હાજરી

ડમી કોચિંગ એ કોઈ સામાન્ય ગેરરીતિ નથી, પરંતુ સ્કૂલ સંચાલકો, કોચિંગ ક્લાસના માલિકો અને વાલીઓની પરસ્પર સંમતિથી ચાલતું એક સંગઠિત આર્થિક કૌભાંડ છે.

– **પરદા પાછળની ગોઠવણ :–** જ્યારે કોઈ વિદ્યાર્થી ધોરણ ૧૦ પાસ કરીને ધોરણ ૧૧ સાયન્સ કે કોમર્સમાં આવે છે, ત્યારે જ આ ખેલ શરૂ થઈ જાય છે. વાલીઓ બાળકને કોઈ મોટા કોચિંગ ક્લાસમાં એડમિશન અપાવે છે. એ કોચિંગ ક્લાસવાળાનું અમુક ચોક્કસ શાળાઓ (જે મોટેભાગે અંતરિયાળ વિસ્તારોમાં કે નાના શહેરોમાં આવેલી હોય) સાથે ટાઈ-અપ હોય છે.

– **બેનામી ફીનું ગણિત :–** વાલીઓ પાસેથી વાર્ષિક ૨ થી ૪ લાખ રૂપિયાનું 'ઓલ-ઈન્ક્લુઝિવ' પેકેજ લેવાય છે. આ ફીમાંથી એક મોટો હિસ્સો (જે વાર્ષિક 30,000 થી ૫૦,૦૦૦ રૂપિયા સુધીનો હોઈ શકે છે) એ ડમી સ્કૂલના સંચાલકને માત્ર વિદ્યાર્થીનું નામ પોતાના રજિસ્ટરમાં રાખવા માટે લાંચ કે 'સેટિંગ ફી' સ્વરૂપે ચૂકવવામાં આવે છે.

– **મસ્ટર રોલનો જાદુ :–** નિયમ મુજબ બોર્ડની પરીક્ષા આપવા માટે શાળામાં ૭૫% હાજરી ફરજિયાત છે. પરંતુ આ ડમી વિદ્યાર્થીઓ ક્યારેય શાળાનું પગથિયું પણ ચડતા નથી. શાળાના ક્લાર્ક કે શિક્ષકો રોજ સવારે એવા વિદ્યાર્થીઓના નામ સામે 'પ્રેઝન્ટ' (હાજર)ની સહીઓ ઠપકારી દે છે. જ્યારે સરકાર કે શિક્ષણ વિભાગનું ચેકિંગ આવે ત્યારે બધું જ કાગળ પર આદર્શ બતાવવામાં આવે છે.



# મહિલા મોરચામાંથી પણ રાજકોટની બાદબાકી

## પ્રદેશ સંગઠન કે કારોબારીમાં એકપણ મહિલા નેતાને સ્થાન નહીં

રાજકોટ, તા. ૧૩

રાજકોટ ભાજપના રાજકારણમાંથી સ્થાનિક નેતાઓનું કદ વેતરાઈ રહ્યું હોવાની ચર્ચાઓ વચ્ચે વધુ એક મોટો આંચકો લાગ્યો છે. ભાજપના ગઢ ગણાતા રાજકોટ શહેરનું હવે ભાજપ મહિલા મોરચામાંથી પણ સંપૂર્ણ 'ખસીકરણ' કરી નાખવામાં આવ્યું છે. તાજેતરમાં જાહેર થયેલી મહિલા મોરચાની પ્રદેશ સંગઠનની ટીમ અને પ્રદેશ કારોબારીમાં રાજકોટ શહેરની એકપણ મહિલા નેતાને સ્થાન ન મળતા સ્થાનિક રાજકારણમાં ભારે ગણગણાટ અને અસંતોષ શરૂ થયો છે.

છેલ્લા કેટલાક સમયથી રાજકોટ ભાજપ વિવાદોના વમળમાં રહ્યું છે. મહાનગરપાલિકાના આંતરિક ડખા હોય કે લોકસભા ચૂંટણી વખતના વિવાદો, રાજકોટ ભાજપ બેકફૂટ પર જોવા મળ્યું છે. ત્યારે હવે સંગઠનની નિમણૂકોમાં પણ રાજકોટને એક પછી એક ઝટકા મળી રહ્યા છે. મહિલા મોરચામાંથી રાજકોટનું પત્તું કપાવા પાછળ પ્રદેશ કક્ષાએ રાજકોટના નેતાઓનું વજન ઘટ્યું હોવાની ચર્ચાને વધુ વેગ મળ્યો છે. હવે જોવાનું એ રહેશે કે સ્થાનિક સિનિયર નેતાઓ આ મુદ્દે પ્રદેશ હાઈકમાન્ડ સમક્ષ રજૂઆત કરીને ડેમેજ કંટ્રોલ કરી શકે છે કે પછી રાજકોટની મહિલા નેતાઓએ આગામી સમયમાં પણ માત્ર 'મત બેંક' બનીને જ સંતોષ માનવો પડશે.

ચૂંટણીઓ આવે ત્યારે પેજ સમિતિ બનાવવાથી માંડીને ધોમધખતા તાપમાં રેલીઓ યોજવા અને પક્ષ માટે મત માંગવા મહિલા મોરચો સૌથી આગળ હોય છે. પણ જ્યારે સંગઠનમાં હોદ્દા અને માન-સન્માન આપવાની વાત આવે ત્યારે રાજકોટ શહેરની કેમ બાદબાકી કરી દેવાય છે? શું અમારું કામ પ્રદેશ નેતાગીરીને દેખાતું નથી? છેલ્લા કેટલાક સમયથી રાજકોટ ભાજપ સતત વિવાદોના વમળમાં ફસાયેલું રહ્યું છે. કોર્પોરેશનની આંતરિક ખેંચતાણ હોય, લોકસભા ચૂંટણી વખતનો ક્ષત્રિય આંદોલનનો વિવાદ હોય કે પછી સ્થાનિક નેતાઓ વચ્ચેનો અહમનો ટકરાવ-રાજકોટ ભાજપની છબી પ્રદેશ કક્ષાએ ખરડાઈ છે. રાજકીય લોબીમાં એવી પણ ચર્ચા છે કે, વારંવારના વિવાદોથી નારાજ પ્રદેશ નેતૃત્વએ રાજકોટ ભાજપને શિસ્તના પાઠ ભણાવવા અને તેનું રાજકીય કદ વેતરવા માટે આ 'ખસીકરણ'નું શસ્ત્ર ઉગામ્યું છે.

રાજકોટ મહાનગરપાલિકાના ભૂતકાળના બે નંબરી વહીવટોમાં શહેર ભાજપના સંગઠનના હાથ પણ કાળા હોવાથી ગાંધીનગરમાં કોઇ નેતા માથુ ઉંચુ કરીને બોલી શકવાની સ્થિતિમાં નથી જયારે ધારાસભ્યોને પોતાનુ મહત્વ જળવાઇ રહે તેમાં રસ છે અને તેથી સરકાર કે, સંગઠનમાં કોઇ કાર્યકર કે નેતાને આગળ કરવામાં આવતા નથીં હોવાની પણ ચર્ચાએ જોર પકડયુ છે.ટૂંકમાં કહીએ તો સ્થાનિક નેતાઓના પાપે જ ગુજરાતની ભાજપ સરકાર અને સંગઠનમાંથી રાજકોટની ખસી થઇ ગઇ છે. એક સમયે સરકાર અને સંગઠનમાં રાજકોટનો દબદબો હતો અને મોસાળે જમણ ને માં પીરસે તેવી કહેવત રાજકોટ માટે કહેવાતી હતી પરંતુ હવે સરકાર અને સંગઠનમાંથી રાજકોટનુ નામુ નખાઇ ગયુ છે.

### રાજ્યમાં માર્ગ સુરક્ષાનો ચિંતાજનક આંકડો

# હેલ્મેટ - સીટબેલ્ટની બેદરકારી ઉજાળે પરિવાર

## એક વર્ષમાં ૩,૯૮૪ લોકોએ ગુમાવ્યા જીવ : દરરોજ અંદાજે ૧૧ વાહનચાલકોના મોત




રાજકોટ, તા. ૧૩

ગુજરાતમાં માર્ગ સુરક્ષાને લઈને એક ખૂબ જ આઘાતજનક અને ચિંતાજનક રિપોર્ટ સામે આવ્યો છે. રોડ સેફ્ટી ઓથોરિટીના વર્ષ ૨૦૨૪ના સત્તાવાર આંકડા મુજબ, ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવું રાજ્યના વાહનચાલકો માટે જીવલેણ સાબિત થઈ રહ્યું છે. અહેવાલ અનુસાર, હેલ્મેટ અને સીટબેલ્ટ ન પહેરવા જેવી સામાન્ય જણાતી બેદરકારીને કારણે રાજ્યમાં દરરોજ સરેરાશ ૧૧ લોકો માર્ગ અકસ્માતમાં પોતાના જીવ ગુમાવી રહ્યા છે. આ આંકડા માત્ર સરકારી ચોપડે નોંધાયેલી સંખ્યા નથી, પરંતુ સેંકડો પરિવારોના વિખેરાઈ જવાની કરુણ વાસ્તવિકતા છે, જે સુરક્ષાના નિયમો પ્રત્યે નાગરિકોની ગંભીરતા પર મોટા સવાલિયા નિશાન ઉભા કરે છે.

આંકડાઓની ઊંડાણપૂર્વક વાત કરીએ તો, સુરક્ષાના આ પાયાના નિયમોનું ઉલ્લંઘન કરવાને કારણે એક જ વર્ષમાં રાજ્યમાં કુલ ૩,૯૮૪ લોકોએ કાળનો કોળિયો બનવું પડ્યું છે. રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા જારી કરવામાં આવેલા ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે અકસ્માતોમાં જીવ ગુમાવનાર મોટાભાગના લોકો એવા હતા જેમણે મુસાફરી દરમિયાન હેલ્મેટ અથવા સીટબેલ્ટનો ઉપયોગ કર્યો ન હતો. અકસ્માત સમયે માથામાં ગંભીર ઈજા થવી અથવા વાહનની અંદર જ સ્ટીયરીંગ અને વિન્ડશિલ્ડ સાથે જોરદાર અથડાવું એ મૃત્યુનું મુખ્ય કારણ બને છે. નિષ્ણાતોના મતે, જો માત્ર સુરક્ષા સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં આવ્યો હોત, તો આમાંથી મોટાભાગના લોકોના જીવન બચાવી શકાયા હોત.

ટ્રાફિક નિયમોનું પાલન કરવું એ માત્ર પોલીસના દંડ કે કાનૂની કાર્યવાહીથી બચવા માટે નથી, પરંતુ પોતાના અમૂલ્ય જીવનને સુરક્ષિત રાખવા માટેની અનિવાર્યતા છે. આજે પણ ઘણા વાહનચાલકો ટ્રાફિક નિયમોને હળવાશથી લે છે અને શોર્ટ કટ અથવા આળસના કારણે હેલ્મેટ-સીટબેલ્ટ ટાળે છે, જેની સીધી કિંમત તેમના પરિવારે ચૂકવવી પડે છે. ટ્રાફિક પોલીસ દ્વારા દર વર્ષે અસંખ્ય જાગૃતિ અભિયાનો, સેમિનારો અને કડક દંડની કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં, અકસ્માતો અને મૃત્યુનો ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો છે જે ચિંતાનો વિષય છે.

હવે સમય આવી ગયો છે કે દરેક વાહનચાલક પોતાની આદત બદલે અને રસ્તા પર નીકળતા જ હેલ્મેટ તથા સીટબેલ્ટને ફરજિયાત ગણે. યાદ રાખો, રસ્તા પર તમારી એક નાનકડી સાવધાની અને સુરક્ષા સાધનનો ઉપયોગ તમારા અને તમારા પરિવારના ભવિષ્યને સુરક્ષિત રાખી શકે છે.

### આંકડાની નજરે ભયાનક વાસ્તવિકતા.

**કુલ મૃત્યુ (વર્ષ દરમિયાન) :–** ૩,૯૮૪ લોકોએ હેલ્મેટ-સીટબેલ્ટના અભાવે જીવ ગુમાવ્યા.

**દૈનિક સરેરાશ :–** દરરોજ અંદાજે ૧૧ વાહનચાલકો અથવા મુસાફરોના કરુણ મોત.

**મુખ્ય કારણો :–** ટુ-વ્હીલર ચાલકોમાં માથાની ગંભીર ઈજા અને ફોર-વ્હીલરમાં એરબેગ ન ખુલવી

### અકસ્માતમાં મોતના મુખ્ય તબીબી કારણો

**બ્રેઈન હેમરેજ :–** ટુ-વ્હીલર અકસ્માતમાં હેલ્મેટ ન હોય ત્યારે સીધી ઈજા મગજ પર થાય છે, જે ત્વરિત મૃત્યુનું કારણ બને છે.

**વાહનની બહાર ફેંકાઈ જવું :–** સીટબેલ્ટ ન પહેર્યો હોય ત્યારે કાર પલટી ખાતા જ મુસાફર કાચ તોડીને બહાર ફેંકાય છે અથવા સ્ટીયરીંગ સાથે છાતી અથડાવાથી આંતરિક રક્તસ્ત્રાવ થાય છે.

**સેફ્ટી ફીચર્સ નિષ્ફળ જવા :–** આધુનિક કારમાં સીટબેલ્ટ ન બાંધ્યો હોય તો એરબેગ્સ (અશબિફલત) ખુલતી નથી, જેથી મોંઘી કાર પણ અસુરક્ષિત બની જાય છે.

### વાહનચાલકો માટે સુરક્ષાની પંચશીલ

**૧. હેલ્મેટ માત્ર નામના ખાતર નહીં :–** આઈએસઆઈ (ISI) માર્કવાળું અને પ્રોપર લોકવાળું હેલ્મેટ જ પહેરો.

**૨. પાછળ બેસનાર પણ સુરક્ષિત રહે :–** ટુ-વ્હીલર પર પાછળ બેસનાર વ્યક્તિએ પણ હેલ્મેટ પહેરવું તેટલું જ જરૂરી છે.

**૩. શોર્ટ ડિસ્ટન્સમાં પણ બેદરકારી નહીં :–** હું તો બાજુની દુકાને જ જાઉં છું એવું કહીને હેલ્મેટ કે સીટબેલ્ટ ટાળવાની ભૂલ ક્યારેય ન કરો.

**૪. કારના તમામ મુસાફરો માટે સીટબેલ્ટ :–** માત્ર ડ્રાઈવર જ નહીં, કારમાં બેઠેલા તમામ મુસાફરોએ સીટબેલ્ટ બાંધવો જ જોઈએ.

**૫. પરિવાર તમારો રાહ જુએ છે :–** યાદ રાખો, ઘરે કોઈ તમારી રાહ જોઈ રહ્યું છે, નિયમોનું પાલન એ જ સાચી સમજદારી છે.